

P.07

સોહમ શાહની તુમ્બાડ-૨માં કંગના રણૌતની પણ એન્ટ્રી

# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in | LOK PATRIKA | RNI No : GUJGUJ/2022/83673



P.07

નિતાશી ગોયલને આનંદ દેવરકોંડા સાથે ફિલ્મ મળી

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૪ અંક : ૬૧ । વિક્રમ સંવત ૨૦૮૧ : આસો સુદ ૧૦ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 61 • Dt.02-10-2025 Thursday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


ફિલિપાઈન્સમાં જોરદાર ભૂકંપથી ભારે તબાહી । અનેક ઈમારતો ધરાશાયી થતાં ૬૦ના મોત



07

02 OCTOBER- 2025 THURSDAY




07

અમેરિકામાં શટડાઉન, સરકારી કામકાજ ઠપ, ટ્રમ્પને જરૂર કરતાં ઓછા વોટ મળ્યાં





The Demand for Cyber Security Professionals at All-Time high across the world.

Learn from the Most Experienced Trainer and One of India's Top Ethical Hackers and Cyber Security Expert Mr. FALGUN RATHOD

www.cyberoctet.com

Cyber Octet™

Learn more than 110 Topics | Task and Research based Training | 100% Placement Assistance

+91 74053 21234


### દરિયો જાણે ગુજરાતને ગળી રહ્યો હોય તેવું ચિત્ર ઉપસ્યું છે કેમકે, દરિયાકાંઠાની જમીનનું રોજે રોજ ધોવાણ થઈ રહ્યું છે

# ગુજરાતમાં દરિયાકાંઠે ૭૬૫ કિ.મી. જમીનનું ધોવાણ । ખારાશ વધી

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૧૪ ।

દરિયો જાણે ગુજરાતને ગળી રહ્યો હોય તેવું ચિત્ર ઉપસ્યું છે કેમકે, દરિયાકાંઠાની જમીનનું રોજે રોજ ધોવાણ થઈ રહ્યું છે. સાથે સાથે જમીનમાં ખારાશનું પ્રમાણ વધ્યું છે. કેન્દ્રીય જળશક્તિ મંત્રાલયના એક રિપોર્ટમાં ખુલાસો થયો છે કે, ગુજરાતના દરિયાકાંઠે ૭૬૫ કીમી જમીનનું ધોવાણ થયું છે. આ પરથી સ્થિતિ કેટલી હદે ચિંતાજનક છે તેનો અંદાજ લગાવી શકાય તેમ છે. જાણકારોનું માનવું છે કે, જો આ જ પરિસ્થિતિ રહી તો, ગુજરાતના નકશો-ભૂગોળ બદલાઈ જશે તે દિવસો હવે દૂર નથી.ઔદ્યોગિક વિકાસની આંધળી દોટમાં દરિયાકાંઠાની જાળવણી ભૂલાઈ હોય તેમ લાગી રહ્યું છે.

વધતાં ઔદ્યોગિકીકરણ અને ગેરકાયદેસર માઈનીંગ, વૃક્ષછેદન જેવી માનવસર્જીત પ્રવૃત્તિઓને લીધે દરિયાકાંઠે સ્થિતિ ચિંતાજનક બની છે. લોકસભામાં રજૂ થયેલા રિપોર્ટમાં એવા તારણો રજૂ થયા છે કે, ગુજરાતના દરિયાકાંઠાની જમીનમાં ખારાશનું પ્રમાણ ઘટે તે માટે એક કમિટીનું ગઠન કરાયું હતું જેના રિપોર્ટમાં એ વાતનો ખુલાસો થયો કે, સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના ૫૩૪ ગામોમાં ૭,૦૦,૧૨૦ હેક્ટર જમીન ખારાશને લીધે પ્રભાવિત થઈ હતી. બીજી તરફ, દરિયાકાંઠા વિસ્તારોમાં જમીનમાં ખારાશનું પ્રમાણ ઘટાડવા માટે કેન્દ્ર સરકારે મે-૨૦૨૫ના રોજ એક માર્ગદર્શિકા પણ જાહેર કરી છે. રાજ્ય સરકારે પણ તે દિશામાં અમલ કરવા તૈયારી કરી છે. ખારાશ નિવારણ માટે પગલાં લેવાતાં ગુજરાતમાં ૮૭,૮૯૦ હેક્ટર જમીનમાં ખારાશનું પ્રમાણ ઓછું થયું હતું. એટલું જ નહીં, ખેડૂતોને પણ ફાયદો પહોંચ્યો હતો.

## ગુજરાતના નકશો-ભૂગોળ બદલાઈ જશે તે દિવસો હવે દૂર નથી



આ તરફ, નેશનલ એસેસમેન્ટ ઑફ શોરલાઇન ચેન્જનો રિપોર્ટ છે કે, ગુજરાતમાં ગીર સોમનાથ, દ્વારકા, અમરેલી, પોરબંદર અને જામનગરના દરિયાકાંઠે જમીનનું ધોવાણ વધુ પ્રમાણમાં થઈ રહ્યું છે. ભાવનગર વિસ્તારમાં જસપરા, મીઠી, વિરડી, થાલસર અને ગોધામાં જમીન ધોવાણ થયું છે. જ્યારે ગીર સોમનાથમાં આદ્રી અને નવાપરામાં જમીન ધોવાઈ રહી છે.

જૂનાગઢ વિસ્તારમાં તો દરિયાકાંઠાના ૬૬ ટકા જમીન ધોવાઈ રહી હોવાનું તારણ બહાર આવ્યું છે.ટૂંકમાં, કુદરતી કારણોની સાથે સાથે માનવસર્જિત પ્રવૃતિઓને લીધે દરિયાકાંઠાની જમીન ધોવાઈ રહી છે. અત્યાર સુધી ગુજરાતમાં દરિયાકાંઠાની ૫૩૭ કીમી જમીન ધોવાઈ હતી જે વધીને હવે ૭૬૫ કીમી સુધી પહોંચી છે જે ચિંતાનું કારણ બની રહ્યું છે. જો સરકાર આ દિશામાં ગંભીરતા નહીં દાખવે તો, ગુજરાતના દરિયાકાંઠાને દરિયો ગળી જશે. દરિયો જાણે ગુજરાતને ગળી રહ્યો હોય તેવું ચિત્ર ઉપસ્યું છે કેમકે, દરિયાકાંઠાની જમીનનું રોજે રોજ ધોવાણ થઈ રહ્યું છે. સાથે સાથે જમીનમાં ખારાશનું પ્રમાણ વધ્યું છે. કેન્દ્રીય જળશક્તિ મંત્રાલયના એક રિપોર્ટમાં ખુલાસો થયો છે કે, ગુજરાતના દરિયાકાંઠે ૭૬૫ કીમી જમીનનું ધોવાણ થયું છે. આ પરથી સ્થિતિ કેટલી હદે ચિંતાજનક છે તેનો અંદાજ લગાવી શકાય તેમ છે. જાણકારોનું માનવું છે કે, જો આ જ પરિસ્થિતિ રહી તો, ગુજરાતના નકશો-ભૂગોળ બદલાઈ જશે તે દિવસો હવે દૂર નથી.ઔદ્યોગિક વિકાસની આંધળી દોટમાં દરિયાકાંઠાની જાળવણી ભૂલાઈ હોય તેમ લાગી રહ્યું છે.

### નાગરિકોને જુદી જુદી માળખાકીય સુવિધા પુરી પાડવા માટેના પ્લોટ મળી રહેશે

# અમદાવાદમાં ઔડા એ સાત નવી ટી.પી. સ્કીમ જાહેર કરી, શહેરીકરણનો વિસ્તાર વધશે




સઈજ,ગોધાવી,કાણેટી, નિઘરાડ તથા મણિપુર ગામમાં ટી.પી. સ્કીમ.ની રચનાથી માળખાકીય સુવિધા પણ વધશે

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧ ।

સઈજ,ગોધાવી,કાણેટી, નિઘરાડ તથા મણિપુર ગામમાં ટી.પી. સ્કીમ.ની રચનાથી માળખાકીય સુવિધા પણ વધશેઔડાની મળેલી બેઠકમાં આગામી કોમનવેલ્થ તથા ઓલિમ્પિક ગેમ્સને ધ્યાનમાં રાખીને સાત નવી ટી.પી.સ્કીમ.ની રચના કરવા માટે જાહેરાત કરાઈ છે. અમદાવાદ આ બંને ગેમ્સના યજમાન તરીકે છવાઈ જવા માંગે છે. ત્યારે સઈજ, ગોધાવી,કાણેટી,નિઘરાડ તથા મણિપુર જેવા ગામમા વિકાસનુ આયોજન કરાશે.નવી ટી.પી. સ્કીમ.ની રચનાથી આ વિસ્તારોમાં અંદાજે એક હજાર હેકટર વિસ્તારનું શહેરીકરણ થવાથી માળખાકીય સુવિધા ઝડપથી લોકોને મળી શકશે.ઔડા દ્વારા સાત નવી ટી.પી. સ્કીમ.ની જાહેરાત કરાઈ છે. જેના પગલે ઔડાને નાગરિકોને જુદી જુદી માળખાકીય સુવિધા પુરી પાડવા માટેના પ્લોટ મળી રહેશે.ટી.પી. સ્કીમ.ના અમલથી નવા રસ્તાઓ પણ બનશે.બેઠકમાં જાસપુર-ખોડિયાર, કાણેટી-નિઘરાડ, નિઘરાડ,ચેખલા-ગોધાવી, લપકામણ,રકનપુર ઉપરાંત દહેગામ, રણાસણ-એણાસણ, રૂપાવટી અને છારોડી માટે ટી.પી.સ્કીમ. સંલગ્ન ઔડાને મળતા રિઝર્વેશનના પ્લોટ તથા રસ્તા અંગે પરામર્શ અપાતા ટી.પી.સ્કીમ.ની અંતિમ મંજૂરી માટેનો માર્ગ મોકળો બનશે. બેઠકમાં ઔડા વિસ્તારમાં રેડી મિકસ કોંક્રીટ પ્લાન્ટમાટે જાહેર કરાયેલી એસ.ઓ.પી.માં કેટલાક ફેરફાર કરી બોર્ડ દ્વારા મંજૂરી અપાઈ હતી. કલોલ નગરપાલિકાને પાણીના સમ્પ, પમ્પિંગ સ્ટેશન તથા ફીલ્ટર પ્લાન્ટ માટે જમીન ફાળવવા બેઠકમાં નિર્ણય લેવાયો હતો. આ ઉપરાંત સાણંદ નગરપાલિકાને કોમ્યુનિટી હોલ બનાવવા જમીન ફાળવવા થયેલી રજૂઆતને પગલે ૫૬૨૭ ચોરસમીટર જમીન કોમ્યુનિટી હોલ બનાવવા સાણંદ નગરપાલિકાને ફાળવણી કરવા રાજય સરકારમા દરખાસ્ત કરવામા આવી છે. સઈજ,ગોધાવી,કાણેટી, નિઘરાડ તથા મણિપુર ગામમાં ટી.પી.સ્કીમ.ની રચનાથી માળખાકીય સુવિધા પણ વધશેઔડાની મળેલી બેઠકમાં આગામી કોમનવેલ્થ તથા ઓલિમ્પિક ગેમ્સને ધ્યાનમાં રાખીને સાત નવી ટી.પી.સ્કીમ.ની રચના કરવા માટે જાહેરાત કરાઈ છે. અમદાવાદ આ બંને ગેમ્સના યજમાન તરીકે છવાઈ જવા માંગે છે.

### સુપ્રીમ કોર્ટના નિર્દેશોને અનુરૂપ હશે

### ખાનગી ટ્યુશન અને કોચિંગ ક્લાસીસ પર નિયંત્રણ લાવવા માટે ટૂંક સમયમાં જ એક કાયદો લાગુ કરવામાં આવશે

# ગુજરાત રાજ્યમાં ટ્યુશન ક્લાસીસ પર નિયંત્રણ માટે કાયદો બનશે । આઠ સભ્યોની સમિતિ રચાઈ

। પ્રતિનિધિ, વડોદરા,તા.૧૪ ।

ગુજરાતના શિક્ષણ ક્ષેત્રમાં એક મોટો ફેરફાર લાવવા માટે રાજ્ય સરકાર દ્વારા એક મહત્ત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. ખાનગી ટ્યુશન અને કોચિંગ ક્લાસીસ પર નિયંત્રણ લાવવા માટે ટૂંક સમયમાં જ એક કાયદો લાગુ કરવામાં આવશે. આ કાયદાનો મુસદ્દો તૈયાર કરવા માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના અધ્યક્ષના વડપણ હેઠળ એક વિશેષ સમિતિની રચના કરાઈ છે.આ કમિટીમાં કુલ ૮ સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સમિતિમાં શિક્ષણ વિભાગના નાયબ સચિવ, કમિશ્નર, શાળાઓના નિયામક અને શિક્ષણ ક્ષેત્રના નિષ્ણાત વ્યક્તિઓને સામેલ કરાશે. આ આઠ સભ્યોની સમિતિ ખાનગી ટ્યુશન વર્ગો માટે નિયમો અને ધારાધોરણોનો મુસદ્દો તૈયાર કરશે આ કાયદો ટ્યુશન ક્લાસની ફી, અભ્યાસક્રમ, સલામતીના ધોરણો અને અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓને નિયંત્રિત કરવામાં મદદ કરશે. આ ડ્રાફ્ટ કાયદાનો મુખ્ય હેતુ શિક્ષણ ક્ષેત્રમાં પારદર્શકતા અને જવાબદારી લાવવાનો છે, જે સુપ્રીમ કોર્ટના નિર્દેશોને અનુરૂપ હશે. આ કાયદો લાગુ થયા બાદ વિદ્યાર્થીઓ અને વાલીઓને આર્થિક અને શૈક્ષણિક ક્ષેત્રે થતાં શોષણથી રક્ષણ મળશે તેવી આશા છે. આ કાયદો ખાનગી ટ્યુશન ક્લાસની મનમાની પર લગામ કસશે અને એક સુવ્યવસ્થિત શિક્ષણ પ્રણાલી સ્થાપિત કરવામાં મદદ કરશે. આ કાયદાનો મુસદ્દો અંતિમ મંજૂરી અને અમલીકરણ માટે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગને સુપરત કરવામાં આવશે. સરકારની મંજૂરી બાદ આ કાયદો લાગુ થશે, જે ગુજરાતના શિક્ષણ ક્ષેત્રમાં એક નવો અધ્યાય શરૂ કરશે.

### શહેરમાં ગરબા રમતા રમતા વિવાદ

# વડોદરાના શેરી ગરબામાં મારામારીની ઘટના : પાંચ ખેલૈયાઓની અટકાયત

**મહિલાનો હાથ અન્ય મહિલાને અડી જતા તકરાર બાદ મારામારી થતા લોકોમાં ઉત્તેજના છવાઈ હતી. જો કે, સ્થળ પર હાજર પોલીસે પરિસ્થિતિ સંભાળી હતી । અને બંને પક્ષની ફરિયાદના આધારે નવાપુરા પોલીસે પાંચ ખેલૈયાઓની અટકાયત કરી હતી**

। પ્રતિનિધિ, વડોદરા, તા.૧ ।

વડોદરાના વીરભગતસિંહ ચોક ખાતે તાડફડીયા શેરી ગરબામાં ગરબા રમતી મહિલાનો હાથ અન્ય મહિલાને અડી જતા તકરાર બાદ મારામારી થતા લોકોમાં ઉત્તેજના છવાઈ હતી. જો કે, સ્થળ પર હાજર પોલીસે પરિસ્થિતિ સંભાળી હતી. અને બંને પક્ષની ફરિયાદના આધારે નવાપુરા પોલીસે પાંચ ખેલૈયાઓની અટકાયત કરી હતી.



બરાનપુરા વિસ્તારમાં રહેતી વંશીકાબેન ચુનારાએ ફરિયાદમાં કહ્યું હતું કે, મે મારા પતિ કાર્તિક ચુનારા તથા મારા નણદોઈ વીર ભગતસિંહ ચોક ખાતે તાડફળીયા શેરી ગરબામાં ગરબા રમી રહ્યા હતા. તે વખતે એક બહેનનો હાથ મને અડી જતા તેમને કહ્યું હતું કે, મને તમારો હાથ કેમ અડાડો છો, જેથી તેઓ અચાનક ઉશ્કેરાઈ જઈ મારા માથાના વાળ ખેંચી મને માર માર્યો હતો. અને તે મહિલા સાથે રહેલ બે વ્યક્તિઓએ મારા પતિ અને નણદોઈને ગડદાપાટુનો માર માર્યો હતો. સામા પક્ષે આજવા રોડ એકતાનગરમાં રહેતી દિવ્યા સોલંકીએ ફરિયાદમાં કહ્યું હતું કે, મે મારા પતિ સાગર પરમાર તથા મારા પતિના મિત્ર શિવ કહાર (રહે- કમલાનગર તળાવ પાસે)સાથે ગરબા રમી રહી હતી. મારો હાથ તે બહેનને અડી જતા મે કહ્યું હતું કે, ગરબા રમતી વખતે ભીડ હોવાથી હાથ તો અડે જ. જેથી ઝઘડો થયો હતો.

### પલ્લી યાત્રામાં દૂર-દૂરથી માઈભક્તો આવે છે

### ગાંધીનગરના રુપાલમાં આવેલા વરદાયિની માતાજીની દર વર્ષે પરંપરાગત રીતે યોજાતી પલ્લીનું માઈભક્તોમાં અનેરું મહત્ત્વ

# ગાંધીનગરના રુપાલમાં માતાજીની પરંપરાગત પલ્લી યોજાઈ । ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૧ ।

ગાંધીનગરના રુપાલમાં આવેલા વરદાયિની માતાજીની દર વર્ષે પરંપરાગત રીતે યોજાતી પલ્લીનું માઈભક્તોમાં અનેરું મહત્ત્વ છે. દર વર્ષે નવરાત્રિમાં યોજાતી પલ્લી યાત્રામાં દૂર-દૂરથી માઈભક્તો આવે છે અને પલ્લીયાત્રાનાં દર્શન કરીને ધન્યતા અનુભવે છે. રૂપાલ વરદાયિની માતા મંદિરે દર વર્ષે નવરાત્રિનાં નોમના દિવસે પલ્લી મેળો ભરાય છે. ત્યારે આ વર્ષે પણ ૩૦ સપ્ટેમ્બર એટલે કે નોમના દિવસે રાતે ૧૨:૦૦ વાગ્યે પલ્લી યાત્રા નીકાળવામાં આવી હતી. જેમાં હજારો ભક્તો ઉમટી પડ્યા હતા. માતાજીની પલ્લી પર કરાતા શુદ્ધ ઘીના અભિષેક માટે ટ્રેકટરની ટ્રોલીઓમાં ઘી એકત્ર કરવામાં આવ્યુ હતું. મોટી સંખ્યામાં ભક્તોએ પલ્લી પર શુદ્ધ ઘીનો અભિષેક કરી ધન્યતા અનુભવી હતી. ગાંધીનગરથી આશરે ૧૫ કિ.મી. દૂર રુપાલ ગામે દેવી વરદાયિની માતાજીનું મંદિર આવેલું છે. દર વર્ષે આસો મહિનાની નવરાત્રિની નોમના દિવસે પાલખી યાત્રા યોજાય છે. નોમના દિવસે નીકળતી માતાજીની પલ્લી વિશ્વભરમાં રુપાલની પલ્લી તરીકે ઓળખાય છે.

એવુ કહેવાય છે કે, આ મંદિર રામાયણ અને મહાભારત કાળ સાથે જોડાયેલું છેગઈકાલ એટલે કે, ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ રાત્રે ૧૨ વાગ્યે માતાજીની પલ્લી નીકાળવામાં આવી હતી. પલ્લીમાં ઘીનો અભિષેક કરવા માટે મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા. જય વરદાયિની જય જગદંબા નાદથી સમગ્ર વાતાવરણ ગુંજી ઊઠ્યું હતું.

સમગ્ર ગામમાં ભક્તિમય વાતાવરણ જોવા મળ્યું હતું. ગાંધીનગરના રુપાલમાં માતાજીની પરંપરાગત પલ્લી યોજાઈ, ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું ગાંધીનગરના રુપાલમાં આવેલા વરદાયિની માતાજીની દર વર્ષે પરંપરાગત રીતે યોજાતી પલ્લીનું માઈભક્તોમાં અનેરું મહત્ત્વ છે. દર વર્ષે નવરાત્રિમાં યોજાતી પલ્લી યાત્રામાં દૂર-દૂરથી માઈભક્તો આવે છે અને પલ્લીયાત્રાનાં દર્શન કરીને ધન્યતા અનુભવે છે. રૂપાલ વરદાયિની માતા મંદિરે દર વર્ષે નવરાત્રિનાં નોમના દિવસે પલ્લી મેળો ભરાય છે.







### ૧૫ દિવસમાં ખેલાડીઓને ઈનામની રકમ મળી જશે : જિલ્લા રમત-ગમત અધિકારી

## ભાવનગરના ૧૦૦ થી વધુ ખેલાડીઓને ગત ખેલ મહાકુંભના રૂપિયા મળ્યાં નથી

### બાસ્કેટબોલ, હેન્ડબોલ, વોલીબોલ, એથ્લેટિક્સ સહિતની કેટલીક રમતના ખેલાડીઓને ઈનામની રકમ નહીં મળતા નારાજગી

| પ્રતિનિધિ, ભાવનગર, તા.૧ |

ભાવનગર સહિત રાજ્યભરમાં ચાલુ વર્ષે ખેલ મહાકુંભનો ધમધમાટ શરૂ થઈ ગયો છે પરંતુ ભાવનગરના ઘણા ખેલાડીઓને ગત વર્ષની ઈનામની રકમ મળી નથી તેથી ખેલાડીઓમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. છેલ્લા કેટલાક વર્ષથી રાજ્ય સરકાર દ્વારા ખેલાડીઓને પ્રોત્સાહન આપવા ખેલ મહાકુંભનું આયોજન કરે છે, જે સારી બાબત છે પરંતુ ગત વર્ષના ઈનામની રકમ ખેલાડીઓને હજુ સુધી ન મળે તે યોગ્ય બાબત નથી. ભાવનગર શહેર અને જિલ્લાના બાસ્કેટબોલ, હેન્ડબોલ, વોલીબોલ, એથ્લેટિક્સ સહિતના કેટલીક રમતના ૧૦૦ થી વધુ ખેલાડીઓને ગત વર્ષના ખેલ મહાકુંભની ઈનામની રકમ મળી નથી તેથી ખેલાડીઓ કચવાટ કરતા નજરે પડી રહ્યા છે. ચાલુ વર્ષે ખેલ મહાકુંભ શરૂ થઈ ગયો છતાં ગત વર્ષના ઈનામની રકમ આયોજનના અભાવે મળી ન હોવાનુ સુત્રોમાંથી જાણવા મળેલ છે. શહેર અને જિલ્લામાં તાલુકા, ઝોન કક્ષા, જિલ્લાકક્ષા, રાજ્યકક્ષા વગેરે કક્ષાએ તબક્કાવાર ખેલ મહાકુંભ રમાડવામાં આવે છે અને ખેલાડીઓ ઉત્સાહભેર ખેલ મહાકુંભમાં ભાગ પણ લે છે ત્યારે તેઓને પુરસ્કારની રકમ સમયસર ન મળે ત્યારે ખેલાડીઓનો ઉત્સાહ ઘટી જતો હોય છે. બાસ્કેટબોલના




ખેલાડીઓને છેલ્લા બે વર્ષથી પુરસ્કારની રકમ ન મળી હોવાનુ ચર્ચાય રહ્યુ છે ત્યારે આ બાબતે તત્કાલ યોગ્ય તપાસ કરી પગલા લેવા જરૂરી છે તેમ રમતપ્રેમીઓ જણાવી રહ્યા છે.ભાવનગર શહેર અને જિલ્લાના જે ખેલાડીઓને ગત વર્ષના ખેલ મહાકુંભની ઈનામની રકમ મળી નથી તેઓની જાણ ગાંધીનગર કચેરીએ કરવામાં આવી છે. બેંક એકાઉન્ટ સહિતના કારણોસર ખેલાડીઓને પુરસ્કારની રકમ મળી નથી પરંતુ આ બાબતે વડી કચેરી દ્વારા આગામી ૧૫ દિવસમાં ખેલાડીઓના બેંક એકાઉન્ટમાં રકમ જમા થઈ જાય તેવુ આયોજન કરવામાં આવી રહ્યુ છે તેમ માહિતી આપતા ભાવનગરના જિલ્લા રમત-ગમત અધિકારી નરેશ ગોહેલે જણાવેલ છે. ભાવનગર સહિત રાજ્યભરમાં ચાલુ વર્ષે ખેલ મહાકુંભનો ધમધમાટ શરૂ થઈ ગયો છે પરંતુ ભાવનગરના ઘણા ખેલાડીઓને ગત વર્ષની ઈનામની રકમ મળી નથી તેથી ખેલાડીઓમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

## એક્ટિવા હટાવવાના બદલે ચેરમેન સહીત બે ઉપર ખૂની હુમલો

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧ |

વટવામાં પડેલા મુશળધાર વરસાદના કારણે સોસાયટીમાં પાણી ભરાઈ ગયા હતા જેના કારણે નવરાત્રીના ગરબા માટે માતાજીની માંડવીના સ્થળે સોસાટીના ચેરમેન અને રહીશો પાણીનો નિકોલ કરતા હતા. આ સમયે સોસાટયટીમાં ભાડે રહેતા બે ભાઈએ જાણી જોઈને મંડપ પાસે એક્ટિવા પાર્ક કર્યુ હતું તેઓને હટાવવાનું કહેતા દાદાગીરી કરીને વાહન અહીથી નહી હટે કહીને ચેરમેનને ધમકી આપીને બાજુમાં ઉભેલા યુવકના ખિસ્સામાંથી ડિસમીસ લઈને ચેરમેન તથા અન્ય યુવકને માથામાં ડિસમીસના ઘા મારીને લોહી લુહાણ કરતા બન્ને હાલમાં સારવાર હેઠળ છે.

## જાંબુ ગામમાં યુવાન પર કૌટુંબિક મહિલા સહિત ૬ વ્યક્તિનો હુમલો

| પ્રતિનિધિ, લીંબડી, તા.૧ |

લીંબડી તાલુકાના જાંબુ ગામે માતાજી ના નિવેધ કરવા આવેલા યુવાન પર કૌટુંબીક મહિલા સહિત છ વ્યકિતઓ તીક્ષ્ણ હથિયારો વડે હુમલો કરીને માર મારતાં નો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં તંત્રમાં દોડધામ મચી જવા પામી હતી. જાંબુ ગામના અને હાલ અમદાવાદ ખાતે રહેતાં નરોતમભાઈ ચાવડા પરીવાર સાથે અમદાવાદથી જાંબુ માતાજીના નેવૈદ્ય કરવા માટે આવ્યા હતાં. તે સમયે તેમના કૌટુંબિક ભાઈ વચ્ચે કોઈ બાબતે ઝઘડો થયો હતો. જેથી નરોતમભાઈએ ગાળો બોલવાની ના પાડતાં તેઓ એકદમ ઉશ્કેરાઈને તેમના પુત્ર રાહુલ ચાવડાને કૌટુંબિક પરીવારની મહિલા સહિત છ વ્યક્તિઓ દ્વારા છરી અને પાઈપ જેવા તિક્ષ્ણ હથિયારો વડે હુમલો કરી ઈજાઓ પહોંચાડી હતી.

## ભાવનગરમાં દારૂની ૧૩૯૨ બોટલ અને ૯૧૨ બિયરના ટીન સાથે ૨ ઝડપાયા

| પ્રતિનિધિ, ભાવનગર, તા.૧ |

ભાવનગર-અમદાવાદ હાઈ-વે પર આવેલા નારી ગામ નજીકથી પેરોલ ફર્લો સ્ક્વોર્ડે વિદેશી દારૂ અને બિયરના ટીનનો જથ્થો ભરેલ છોટા હાથી ગાડી સાથે બે શખ્સને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.પેરોલ ફર્લો સ્કવોર્ડનો સ્ટાફ પેટ્રોલિંગ કરી રહ્યો હતો તે દરમિયા બાતમી મળી હતી કે, છોટા હાથી નંબર જીજે-૦૪-ડબલ્યુ-૬૩૭૫માં બે શખ્સ વિદેશી દારૂ અને બિયરનો જથ્થો ભરી નારી ચોકડી તરફથી ભાવનગર તરફ આવી રહ્યા છે. જે બાતમીના આધારે ભાવનગર-અમદાવાદ હાઈ-વે નારી ગામ નજીક વૉચ ગોઠવી ત્યારે સામેથી આવી રહેલ છોટા હાથી ગાડીને ખાનગી વાહનો આડા મૂકી અટકાવી કોર્ડન કરી લીધી હતી અને ગાડીની પાછળ તલાસી લેતા પ્લાસ્ટિકના કેરેટની આડમાં છૂપાવેલી વિદેશી દારૂની બોટલ ૧૩૯૨ કિંમત રૂ.૧,૬૦,૦૮૦ અને બિયર ટીન ૯૧૨ કિંમત રૂ.૨,૦૦,૬૪ મળી આવતા ડ્રાઈવર રાહુલકુમાર જેરામભાઈ સોલંકી અને ક્લીનર ધર્મેશ અશોકભાઈ રત્નોતર (રહે.બન્ને વલ્લભીપુર)ને દારૂ બિયર અને છોટા હાથી ગાડી, પ્લાસ્ટિકના કેરેટ, મોબાઈલ મળી કુલ રૂ.૫,૬૩,૪૭૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી પૂછપરછ કરતા ઉપરોક્ત દારૂ અને બિયરનો જથ્થો પ્રવિણ ઉર્ફે બડો શામજીભાઈ રાઠોડે આપ્યો હતો.

### વર્ષ ૨૦૨૦-૨૧ થી લઇ ૨૦૨૪-૨૫ સુધીમાં

## કુવરબાઇનું મામેરૂ : ભાવનગરમાં ૨૮૭૯૧ - બોટાદમાં ૭૯૦૮ દિકરીઓને યોજના ફળી

| પ્રતિનિધિ, ભાવનગર, તા.૧ |

દિકરીઓને લગ્ન પ્રસંગે સીધી આર્થિક સહાય મળે તે હેતુ સાથે શરૂ કરાયેલ કુવરબાઈનું મામેરૂ યોજના હેઠળ ભાવનગર જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં ૨૮૭૯૧ દિકરીઓને રૂા.૩૩૪૩.૭૬ લાખની અને બોટાદ જિલ્લામાં ૭૯૦૮ દિકરીઓને રૂા.૯૩૨.૪૪ લાખ રૂપિયાની સહાય ચુકવાઈ હોવાનું સુત્રોમાંથી જણાયું છે.

ભાવનગર અને બોટાદ જિલ્લામાં અમલ કરેલ કુવરબાઈનું મામેરૂ યોજના નબળા પરિવારોની દિકરીઓના લગ્ન ખર્ચમાં સહાય રૂપ બને છે. આ યોજના હેઠળ અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ અને આર્થિક રીતે નબળા વર્ગની દિકરીઓને લગ્ન થયા પછી



રૂપિયા ૧૨,૦૦૦ની સહાય સીધી એમના બેંક ખાતામાં જમા થાય છે. અગાઉ આ યોજના હેઠળ સહાય પેટે ૧૦ હજાર રૂપિયા અપાતા હતા. જે ૧ એપ્રિલ ૨૦૨૧થી વધારી ૧૨ હજાર કરવામાં આવેલ છે. આ યોજનાનો લાભ લેવા દિકરી ગુજરાતની વતની હોવાની સાથે વાર્ષિક આવક મર્યાદા છ લાખ સુધી નિયત કરાઈ છે. અને લગ્ન થયાના બે વર્ષમાં અરજી કરવાની રહેતી હોય છે. જ્યારે દરેક પરિવારની બે પુખ્ત દિકરીઓને આ સહાય મળવાપાત્ર હોવાનું જણાયું છે. લતેમજ પુનર્વિવાહ અને વિધવા પુનર્વિવાહમાં પણ આર્થિક લાભ આપવામાં આવે છે. જે માટે ઓનલાઈન ઈ-સમાજ કલ્યાણ પોર્ટલ પર અરજી કરી શકાય છે. ભાવનગર જિલ્લાની સાથે બોટાદ જિલ્લામાં વર્ષ ૨૦૧૬ થી ૨૦૨૪ દરમિયાન મેળવેલ વિગતોમાં એસઈબીસી અને ઈબીસીની કુલ મળી ૧૦૯૮૪ લાભાર્થી દિકરીઓએ લાભ મેળવ્યો હોવાનું જણાયું છે. જે ૩૬૨ થી ક્રમશ વધી છેલ્લા વર્ગમાં ૨૫૫૭ અરજી મંજુર કરાઈ હતી. ભાવનગર અને બોટાદ જિલ્લામાં અમલ કરેલ કુવરબાઈનું મામેરૂ યોજના નબળા પરિવારોની દિકરીઓના લગ્ન ખર્ચમાં સહાય રૂપ બને છે. આ યોજના હેઠળ અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ અને આર્થિક રીતે નબળા વર્ગની દિકરીઓને લગ્ન થયા પછી રૂપિયા ૧૨,૦૦૦ની સહાય સીધી એમના બેંક ખાતામાં જમા થાય છે.

## માધવપુરના દરિયામાં પીલાણું પલ્ટી જતાં બે માછીમારના મોત, 3નો બચાવ

| પ્રતિનિધિ, પોરબંદર, તા.૧ |

પોરબંદર નજીકના માધવપુર પાસે ફિશિંગ કરવા ગયેલ એક પીલાણું ટેકનીકલ ખામીને લીધે એન્જિન બંધ પડી જતા તોફાની દરિયામાં ફસાઈ ગયું હતું અને પલ્ટી ખાઈ જતા બે માછીમારોના મોત થયા છે જયારે ત્રણ ખલાસીઓનો બચાવ થયો છે. બનાવની વિગત એવી છે કે પોરબંદરના જયેશભાઈ કાનજીભાઈ ગોહલેલનું જય ખેતલીયા દાદા નામનું પીલાણું ફિશિંગ માટે પાંચેક દિવસ પહેલા રવાના થયું હતું અને તેમાં પાંચ ખલાસીઓ મૂળ દ્વારકાના શશીભાઈ નાથુભાઈ સોલંકી (ઉ.વ.૫૨), ધામરેજ બંદરના મંગાભાઈ ગોવિંદભાઈ ચાવડા (ઉ.વ.૫૩), ધામરેજના હાજાભાઈ લાખાભાઈ લોઢારી (ઉ.વ.૫૪), કોડીનારના તુલસીભાઈ લાખાભાઈ પાંજરી (ઉ.વ.૪૬) મૂળ દ્વારકાના સંજય કાનજીભાઈ ચૌહાણ (ઉ.વ.૪૮) માછીમારી માટે રવાના થયા હતા અને ૨૬ તારીખે રવાના થયા બાદ તેઓનું પીલાણું માધવપુર નજીક હતું ત્યારે કોઈ કારણોસર ટેકનિકલ ક્ષતિ સર્જાઈ હતી.

## મહોળેલમાં શિક્ષિકાના મકાનમાં ચોરીના ગુનાનો ભેદ ઉકેલાયો

| પ્રતિનિધિ, નડિયાદ, તા.૧ |

નડિયાદ તાલુકાના મહોળેલ ગામમાં તસ્કરો બંધ મકાનમાંથી સોનાના દાગીના તેમજ રોકડ મળી કુલ રૂ.૬.૬૫ લાખની મત્તા ચોરી ગયા હતા. આ ચોરીના ગુનાનો ભેદ પોલીસે ઉકેલી કાઢ્યો હતો. આરોપીની રોકડ ૧.૬૦ લાખ સાથે ઝડપી પાડયો હતો. અન્ય બે આરોપીને પકડવા માટે પોલીસે કવાયત હાથ ધરી છે. નડિયાદ તાલુકાના મહોળેલ ગામમાં રહેતા હેમાબેન પ્રવિણસિંહ રાજ શિક્ષિકા તરીકે નોકરી કરે છે તેઓ તા.૧૬ના રોજ મકાનને તાળું મારી નોકરી પર ગયા હતા જ્યાંથી તેમની માતા બીમાર હોય સારવાર માટે નડિયાદ હોસ્પિટલમાં લઈને ગયા હતા જ્યાં તેઓ રાત્રી સમયે રોકાયા હતા. આ દરમિયાન રાત્રી સમયે કોઈ તસ્કરો તેમના બંધ મકાનના દરવાજાનો નકુચો તોડી ઘરમાં પ્રવેશ કરી તીજોરી તોડી સોનાના દાગીના જેમાં સોનાનો સેટ, સોનાની બુંટી, સોનાની વીંટીઓ તથા સોનાની કાનની શેર તથા સોનાની નાકની વાળી સહિત આશરે રૂ. ૪,૯૦,૦૦૦ ના દાગીના અને રોકડ રૂપિયા ૧,૭૫,૦૦૦ મળી કુલ રૂ. ૬,૬૫,૦૦૦ ની મત્તા ચોરી નાસી ગયા હતા.આ અંગે ચકલાસી પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. નડિયાદ તાલુકાના મહોળેલ ગામમાં તસ્કરો બંધ મકાનમાંથી સોનાના દાગીના તેમજ રોકડ મળી કુલ રૂ.૬.૬૫ લાખની મત્તા ચોરી ગયા હતા




ગુજરાતમાં દરરોજ સરેરાશ ૨૫ લોકો આત્મહત્યા કરીને જીવન ટૂંકાવે છે

# શાંત-સલામત ગુજરાત રાજ્યની વાસ્તવિકતા : ૧ વર્ષમાં ૯૦૦૦ લોકોએ આત્મહત્યા કરી । ૯૦૦થી વધુની હત્યા

## નેશનલ ક્રાઇમ રેકોર્ડ્સ બ્યુરોના અહેવાલ પ્રમાણે આત્મહત્યા માટે બીમારી સૌથી મોટું જવાબદાર પરિબળ છે

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૩૦ ।

ગુજરાતમાં દરરોજ સરેરાશ ૨૫ લોકો આત્મહત્યા કરીને જીવન ટૂંકાવે છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરોના અહેવાલ પ્રમાણે આત્મહત્યા માટે બીમારી સૌથી મોટું જવાબદાર પરિબળ છે. બીમારીને કારણે દરરોજ સરેરાશ પાંચ વ્યક્તિ આત્મહત્યા કરે છે. બીજી તરફ હત્યાના ૩૦ ટકા જેટલા કેસમાં સામાન્ય બોલાચાલી જવાબદાર હોવાનું સામે આવ્યું છે. ૨૦૨૫નું વર્ષ પૂરું થવામાં હવે ૩ મહિના બાકી છે ત્યારે છેક નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો દ્વારા વર્ષ ૨૦૨૩માં ગુજરાતમાં ગુનાખોરી-આત્મહત્યાના કેસનું ચિત્ર રજૂ કરવામાં આવ્યું છે. આ અહેવાલ પ્રમાણે આત્મહત્યા કરનારામાં ૬૨૬૦ પુરુષ, ૨૬૮૫ મહિલા જ્યારે ૩ ટ્રાન્સજેન્ડરનો સમાવેશ થાય છે. ગરીબીને કારણે ૬૭, બેરોજગારીને કારણે ૨૦૭ લોકોએ પોતાનું જીવન ટૂંકાવ્યું છે.પ્રેમ પ્રકરણને કારણે ૪૦૯ પુરુષ-૨૬૯ મહિલા-બે ટ્રાન્સજેન્ડર્સ એમ કુલ ૬૮૦ દ્વારા આત્મહત્યા કરવામાં આવી છે. બીમારીમાં કેન્સરને કારણે ૧૧૭ લોકોએ પોતાનું જીવન ટૂંકાવેલું છે. લગ્નેતર સંબંધ, લગ્ન નહીં થવાને કારણે પણ આત્મહત્યા કરનારાના






પ્રમાણમાં વધારો થયેલો છે. આ અંગે મનોચિકિત્સકોના મતે છેલ્લા કેટલાક વર્ષોથી નાની-નાની બાબતોમાં આ પ્રકારે અવિચારી પગલાં ભરનારાના પ્રમાણમાં વધારો થયો છે. પ્રત્યેક વ્યક્તિએ નાની સમસ્યા હોય તો પણ તેની પરિવારના સદસ્ય કે અંગત મિત્ર સાથે ચર્ચા કરવી જોઈએ. દરેક સમસ્યાનો એક ઉકેલ હોય જ છે, તે ભૂલવું જોઈએ નહીંછેલ્લા ૩ વર્ષમાં ગુજરાતમાં હત્યાના ૯૬૮ કેસ નોંધાયા છે. હત્યાના ૩૦ ટકા કેસમાં સામાન્ય બોલાચાલી જવાબદાર હોવાનું સામે આવ્યું છે. હત્યાના કુલ ૬૮ કેસમાં ગુનેગારોની ઉંમર ૧૮થી ઓછું હોવાનું સામે આવ્યું છે. શાંત-સલામત ગુજરાતની વાસ્તવિકતા : ૧ વર્ષમાં ૯૦૦૦ લોકોએ આત્મહત્યા કરી, ૯૦૦થી વધુની હત્યાગુજરાતમાં દરરોજ સરેરાશ ૨૫ લોકો આત્મહત્યા કરીને જીવન ટૂંકાવે છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરોના અહેવાલ પ્રમાણે આત્મહત્યા માટે બીમારી સૌથી મોટું જવાબદાર પરિબળ છે. બીમારીને કારણે દરરોજ સરેરાશ પાંચ વ્યક્તિ આત્મહત્યા કરે છે. બીજી તરફ હત્યાના ૩૦ ટકા જેટલા કેસમાં સામાન્ય બોલાચાલી જવાબદાર હોવાનું સામે આવ્યું છે. ૨૦૨૫નું વર્ષ પૂરું થવામાં હવે ૩ મહિના બાકી છે ત્યારે છેક નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો દ્વારા વર્ષ ૨૦૨૩માં ગુજરાતમાં ગુનાખોરી-આત્મહત્યાના કેસનું ચિત્ર રજૂ કરવામાં આવ્યું છે. આ અહેવાલ પ્રમાણે આત્મહત્યા કરનારામાં ૬૨૬૦ પુરુષ, ૨૬૮૫ મહિલા જ્યારે ૩ ટ્રાન્સજેન્ડરનો સમાવેશ થાય છે. ગરીબીને કારણે ૬૭, બેરોજગારીને કારણે ૨૦૭ લોકોએ પોતાનું જીવન ટૂંકાવ્યું છે.પ્રેમ પ્રકરણને કારણે ૪૦૯ પુરુષ-૨૬૯ મહિલા-બે ટ્રાન્સજેન્ડર્સ એમ કુલ ૬૮૦ દ્વારા આત્મહત્યા કરવામાં આવી છે. બીમારીમાં કેન્સરને કારણે ૧૧૭ લોકોએ પોતાનું જીવન ટૂંકાવેલું છે. લગ્નેતર સંબંધ, લગ્ન નહીં થવાને કારણે પણ આત્મહત્યા કરનારાના પ્રમાણમાં વધારો થયેલો છે.

---

ત્રણ સંચાલકો સામે બી-ડિવીઝન પોલીસ મથકે નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથધરી

# સુરેન્દ્રનગરના વેપારી પાસેથી તેલના ડબ્બા ખરીદી કડીની પેઢીએ ૨.૯૪ રૂપિયા કરોડનો ચૂનો લગાડયો

। પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૧ ।

સુરેન્દ્રનગરના આંબાવાડીમાં આવેલી વિનસ પ્રોટીન્સ કંપનીના માલિક પાસેથી કડીના વેપારીએ તેલના ૧૨,૩૧૭ ડબ્બા ખરીદી રૂા.૨,૪૯,૩૪,૩૧૫ નહીં ચુકવી છેતરપિંડી આચરી છે. બનાવ અંગે વેપારીએ કડીની પેઢીના ત્રણ સંચાલકો સામે બી-ડિવીઝન પોલીસ મથકે નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથધરી છે.વઢવાણ જીઆઈડીસી આંબાવાડી વિસ્તારમાં વિનસ પ્રોટીન્સ નામની ખાદ્ય તેલની ફેકટરી (મીલ) ચલાવતા હોલસેલ વેપારી તેમજ ફરિયાદી ડુંગરભાઈ ભોમજીભાઈ કૈલા કડી માર્કેટીંગ યાર્ડમાં આવેલી રાંદલ કૃપા ટ્રડિંગ પેઢીને કુલ ૨૭ બીલ મુજબ અલગ-અલગ ભાવના ખાદ્ય તેલના ૮,૮૭૫ ડબ્બાનો માલ મોકલ્યો હતો. તેમજ અન્ય ફર્મ છાયા સેલ્સને પણ ખાદ્ય તેલના ૪૫૮ ડબ્બા મોકલ્યા હતા. આ ઉપરાંત ડુંગરભાઈની અમદાવાદ સ્થિત મારૂતી નંદન પ્રોટીન કંપનીમાંથી પણ રાંદલ કૃપા ટ્રેડિંગને ખાદ્ય તેલના ૨૭૩ ડબ્બા અને ફરી ખાદ્ય તેલના ૨૭૧૧ ડબ્બાનો માલ મોકલ્યો હતો. આમ રાંદલ કૃપા ટ્રેડિંગને ફરિયાદી દ્વારા કુલ ૧૨૩૧૭ ખાદ્ય તેલના ડબ્બા કિંમત રૂ.૨,૪૯,૩૪,૩૧૫નો માલ મોકલ્યો હતો. આ રકમ પેટે પેઢીના જવાબદાર વ્યક્તિ રજનીભાઈએ ડુંગરભાઈ ભોમજીભાઈ કૈલાને પેઢીના નામથી અલગ-અલગ તારીખ અને રકમ સાથેના કુલ ૮૧ ચેક આપી રકમ સમયસર મળી જશે તેવી બાંહેધરી પણ આપી હતી.

# મોરબીના હળવદમાં તળાવમાં ડૂબી જવાથી પિતા-પુત્રીનું કરુણ મોત

। પ્રતિનિધિ, મોરબી, તા.૧ ।

મોરબી જિલ્લાના હળવદ તાલુકામાં એક અત્યંત કરુણ ઘટનામાં પિતા અને પુત્રીનું તળાવમાં ડૂબી જવાથી મોત નિપજ્યું છે. આ ઘટના હળવદના મિયાણી ગામની સીમમાં બની હતી, જ્યાં ખેતમજૂરી કરતા પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.મળતી માહિતી મુજબ, મૃતકોની ઓળખ સંજયભાઈ પારસિંગભાઈ રાઠવા (ઉંમર ૪૧) અને તેમની પુત્રી ક્રિષ્ના સંજયભાઈ રાઠવા (ઉંમર ૩) તરીકે થઈ છે. આ પરિવાર મૂળ છોટા ઉદેપુર જિલ્લાના ચીમલી ગામનો વતની હતો અને મિયાણી ગામની સીમમાં એક વાડીમાં રહીને ખેતમજૂરી કરતો હતો.સોમવારે (૨૯ સપ્ટેમ્બર) સંજયભાઈ અને તેમની નાની પુત્રી ક્રિષ્ના વાડી નજીક આવેલા તળાવમાં ન્હાવા ગયા હતા. કમનસીબે, ન્હાવા દરમિયાન બંને ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા અને ડૂબી જવાથી તેમના મોત નિપજ્યા હતા. એક જ પરિવારના પિતા અને પુત્રીના એક સાથે મૃત્યુથી સમગ્ર શ્રમિક પરિવારમાં અને સ્થાનિક વિસ્તારમાં શોક અને અરેરાટી વ્યાપી ગઈ છે.

# રાજકોટ સોની બજારમાંથી ઝડપાયેલા ૩ આતંકીઓને આજીવન કેદની સજા

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૧ ।

અલ-કાયદા સાથે સંકળાયેલા ત્રણ શખ્સોને સેશન્સ કોર્ટે અંતિમ શ્વાસ સુધીની સખત કેદની સજા ફટકારી છે. આ ઉપરાંત, કોર્ટે દરેક આરોપીને રૂ. ૧૦,૦૦૦નો દંડ પણ ફરમાવ્યો છે.પ્રાપ્ત માહિતી અનુસાર, આ ત્રણેય આતંકીઓ 'રાહ-એ-હિદાયત' નામના ગ્રૃપ સાથે સંકળાયેલા હતા. તેઓ સોની બજારમાં નોકરી કરતા હતા. આ અંગે ગત ૨૬ જુલાઈ, ૨૦૨૩ના રોજ ગુજરાત એટીએસ(એન્ટી ટેરરીસ્ટ સ્કવોડ)ને બાતમી મળી હતી કે, રાજકોટના સોની બજારમાં નોકરી કરતા અલ-કાયદા તંઝીમનો પ્રચાર કરતા ત્રણ શખસો ભારત વિરોધી પ્રવૃત્તિઓ ચલાવી રહ્યા છે. તેઓ મોબાઈલ ફોન અને અન્ય વસ્તુઓનો ઉપયોગ કરી યુવાનોને ગેરમાર્ગે દોરી રહ્યા છે. આ બાતમીના આધારે એટીએસએ આ આતંકીઓ પર વોચ ગોઠવી હતી. ત્યારબાદ એટીએસ દ્વારા વોચ ગોઠવી ૩૧ જુલાઈ, ૨૦૨૩ના રોજ ત્રણેય શખસોને ઝડપી પાડ્યા હતા અને તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. કેસની સુનાવણી દરમિયાન, સરકારી વકીલ દ્વારા રજૂ કરવામાં આવેલા પુરાવાઓ અને દલીલોને ધ્યાનમાં રાખીને સેશન્સ કોર્ટે ત્રણેય આરોપીઓને દોષિત ઠેરવ્યા હતા અને અંતિમ શ્વાસ સુધીની સખત કેદની સજા અને રૂ. ૧૦,૦૦૦નો દંડ ફરમાવ્યો છે.રસ્તા વચ્ચે ટ્રકમાં આગ લાગવાના કારણે થોડા સમય માટે ટ્રાફિક જામ થયો હતો. ઘટનાની જાણ થતા તાત્કાલિક ધોરણે પોલીસ અને ફાયર બ્રિગેડ ઘટના સ્થળે પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો.બીજી તરફ આ અગાઉ પંચમહાલની એક પ્લાસ્ટિક સ્ક્રેપના ગોડાઉનમાં આગ લાગવાની ઘટના બની હતી. ગોધરા-વડોદરા હાઈવે પર પ્લાસ્ટિક સ્ક્રેપના ગોડાઉનમાં ભીષણ આગ લાગી હતી. ચિખોદરા ગામના સ્ક્રેપના ગોડાઉમાં ભીષણ આગ લાગી હતી.







## તંત્રી લેખ...

# આરોગ્ય પર ધ્યાન વધુ

કોરોનાની મહામારીમાંથી વિશ્વના દેશો હજુ સંપૂર્ણપણે બહાર નિકળી શક્યા નથી. છેલ્લા ત્રણ વર્ષથી આ બિમારીએ હાહાકાર મચાવ્યો છે. દુનિયાના કોઈ દેશ આ બિમારીથી બચી શક્યા નથી. આ મહામારીના કારણે દુનિયાના દેશોના લોકો આરોગ્યને લઈને વધારે સાવધાન થઈ ગયા છે. જેના કારણે પોતાના શરીર પર વધારે ધ્યાન આપી રહ્યા છે. સારવાર પર વધારે ખર્ચ કરતા થયા છે. થોડાક સમય પહેલા વિશ્વ આરોગ્ય સંગઠન ડબલ્યુએચઓ દ્વારા નવો ચોંકાવનારો હેવાલ જારી કર્યો છે. જે દર્શાવે છે કે ભારતીય લોકો આવકના તેમના ૧૦ ટકા હિસ્સાને તો સારવાર પર ખર્ચ કરી નાંખે છે. હવે વિશ્વ આરોગ્ય સંસ્થાએ માહિતી આપતા કહ્યુ છે કે આવકના ૧૦ ટકા હિસ્સાને ભારતીયો સારવાર પર ખર્ચ કરે છે. હેવાલમાં કહેવામાં આવ્યુ છે કે અડધા ભારતીયની જરૂરી આરોગ્ય સેવા સુધી પહોંચ નથી. જ્યારે એવા લોકો જે આરોગ્ય સેવા પર લાભ ઉઠાવી શકે છે તેવા લોકો પૈકી લોકો તેમની સારવાર પર આવકના ૧૦ ટકા હિસ્સાને ખર્ચ કરે છે. વિશ્વ આરોગ્ય સંસ્થાની વેબસાઈટ પર પ્રકાશિત હેવાલમાં કેટલીક નવી વિગત પણ જાહેર કરવામાં આવેલી છે.હેવાલ મુજબ ભારતની વસ્તીના ૧૭.૩ ટકા અથવા તો ૨૩ કરોડ નાગરિકોને વર્ષ ૨૦૦૭-૨૦૧૫ દરમિયાન સારવાર પર પોતાની આવકના ૧૦ ટકા કરતા વધારે હિસ્સાને ખર્ચ કરવાની ફરજ પડી હતી. ભારતમાં સારવાર પર પોતાના ખિસ્સામાંથી ખર્ચ કરનાર પીડિત લોકોની સંખ્યા બ્રિટન, ફ્રાન્સ અને જર્મનીની કુલ વસ્તી કરતા પણ વધારે છે. ભારતની તુલનામાં સારવાર પર પોતાની આવકના ૧૦ ટકા હિસ્સાને ખર્ચ કરનાર લોકોની કુલ વસ્તીમાં તેમની ભૂમિકા ઓછી હોય છે. ભારતની તુલનામાં સારવાર પર પોતાની આવકનો ૧૦ ટકાથી વધારે હિસ્સો ખર્ચ કરનાર લોકોની કુલ વસ્તીમાં શ્રીલંકામાં ૨.૯ ટકા, બ્રિટનમાં ૧.૬ ટકા, અમેરિકામાં ૪.૮ ટકા, ચીનમાં ૧૭.૭ ટકા છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે દેશની વસ્તીના ૩.૯ ટકા હિસ્સો અટલે કે પાંચ કરોડ ભારતીય પોતાના સ્થાનિક બજેટમાં એક ચતુર્થાંશ કરતા વધારે ખર્ચ સારવાર પર કરે છે. જ્યારે શ્રીલંકામાં આવી વસ્તી ૦.૧ ટકા છે. બ્રિટનમાં આવી વસ્તી ૦.૫ ટકાની છે. અમેરિકામાં આવી વસ્તી ૦.૮ ટકાની છે. ચીનમાં ૪.૮ ટકાની છે. તાજેતરમાં કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવમાં આવ્યું છે કે હોસ્પિટલમાં થતા બેક્ટેરિયલ ઈન્ફેક્શનના કારણે ભારતમાં દર વર્ષે જન્મના પ્રથમ ચાર સપ્તાહમાં ૧૯૦૦૦૦ બાળકોના મોત થઈ જાય છે. અભ્યાસમાં ચોંકાવનારા તારણ સપાટી પર આવ્યા બાદ આરોગ્યને લઈને ભારતમાં નવજાત શિશુના મામલે ગંભીર ચિત્ર સપાટી પર આવ્યું છે. સેન્ટર ફોર ડીસીઝડાયનેમિક્સ ઈકોનોમિક્સ એન્ડ પોલિસી દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે આશરે ૧૦ લાખ ભારતીય નવજાત શિશુ દર વર્ષે લાઈફના પ્રથમ ચાર સપ્તાહમાં મૃત્યુ પામે છે. આ મોત પૈકી ૧૯૦૦૦૦ જેટલાં નવજાત શિશુના

# ફિટનેસ માટે કસરત, પુરતી ઉંઘ જરૂરી

આધુનિક ભાગદોડની લાઈફમાં ફિટનેસને લઈને કાળજી લેવાતી નથી. લોકો ફિટનેસને હાંસલ કરવા માટે શોર્ટ કટ અપનાવે છે. ફિટનેસ સાથે જોડાયેલા જાણકાર નિષ્ણાંતો કહે છે કે ફિટનેસ હાંસલ કરવા માટે નિયમિત કસરત કરવાની જરૂર હોય છે. સાથે સાથે પૌષ્ટિક ભોજનની પણ જરૂર હોય છે. ઉપરાંત પુરતા પ્રમાણમાં ઉંઘ પણ જરૂરી હોય છે. સ્પાઈન સાથે જોડાયેલી કસરત કરવાથી શરીરની તાકાતમાં વધારો થાય છે. આધુનિક સમયમાં યુવક યુવતિઓ ફિટનેસ હાંસલ કરવા માટે જીમિંગ અને સ્પેશિયલ ડાઈટને પ્રાથમિકતા આપે છે. પરંતુ યોગ્ય રીતે ડાઈટ ન લેવાના કારણે શાનદાર રિઝલ્ટ મળી શકતા નથી. પાંચમી મેના દિવસે હાલમાં જ વર્લ્ડ એથલીટિક્સ ડેની ઉજવણી કરવામાં આવી હતી. એથલીટ જેવી બોડી મેળવી લેવા માટે તમામ ઈચ્છા રાખે છે પરંતુ શારરિક ગતવિધી આડેધડ કરે છે. શારરિક ગતિવિધી કરતા પહેલા કેટલાક પાસા પર ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. કેટલીક સાવચેતી રાખવાની જરૂર છે. ફિટનેસને લઈને યુવાનો સવારમાં અને સાંજે ખુબ પરસેવો કાઢે છે. વ્યસ્ત જીવન શેલીની વચ્ચે યુવાઓ ૩૦ મિનિટની લઈને દોઢ કલાક સુધી સમય કાઢે છે. પોતાને ફિટ રાખવા માટેનો ક્રેઝ હાલમાં વધી રહ્યો છે. આમાં ૨૦થી ૪૫ વર્ષની વયના લોકોમાં ક્રેઝ સૌથી વધારે જોવા મળે છે. ઉપરાંત સ્થુળતાના કારણે પરેશાન થયેલા યુવાનો પણ ફિટનેસ હાંસલ કરવા માટે તમામ પ્રયાસો કરી રહ્યા છે. વજનને ઘટાડી દેવા માટે કસરત કરી રહ્યા છે. આધુનિક સમયમાં મહિલાઓની સંખ્યા પણ જીમમાં વધી રહી છે. જુમ્બા અને એરોબિ કસરત કરતી મહિલાઓ પણ મોટા પ્રમાણમાં જોવા મળે છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે ફિટનેસ માટે પ્રોટીન ખુબ જરૂરી છે. તે વજન ઘટાડી દેવામાં પણ મદદ કરે છે. તેના કારણે ફેટ સેલ્સ સરળતાથી બર્ન થાય છે. જે પ્રોટીન મારફતે ૨૫-૩૦ ટકા કેલોરી મેળવે છે તેમનુ વજન ઝડપથી ઓછુ થાય છે. સોયા પ્રોટીન, ઈન્ડા સૌથી ઉપયોગી છે. સોયા અને ઈન્ડા પ્રોટીનના સારા સોર્સ તરીકે છે. સોયા પ્રોટીનની વાત કરવામાં આવે તો તમામ નૌ એમિનો એસિડ હોય છે. પ્રોટીન ત્રણ પ્રકારના હોય છે. ફિટનેસને લઈને કેટલાક અભ્યાસકરવામાં આવી રહ્યા છે. એથલીટ જેવી શારરિક ફિટનેસને હાંસલ કરવા માટે કેટલાક પ્રયોગ કરવાની જરૂર હોય છે. મજબુત અને તાકતવર શરીર માટે ભોજનની સાથે સાથે નિયમિત કસરત જરૂરી છે. સામાન્ય એથલીટને ૫૦૦૦-૬૦૦૦ કેલોરીની જરૂર હોય છે.



**શ્રદ્ધાળુઓ માટે કેટલાક ટુર પેકેજ જાહેર કરાયા છે....**

**ભગવાન વેંકટેશ્વરના દર્શન કરવા માટે ઇચ્છુક શ્રદ્ધાળુઓ જુદા જુદા વિકલ્પોનો ઉપયોગ કરીને અહીં પહોંચી શકે છે વિમાનીયાત્રા, ટ્રેન અને બસ મારફતે પણ અહીં પહોંચી શકાય છે**

# તિરુપતિમાં બાલાજીના દર્શન કરો

**ભારતની સાથે સમગ્ર દુનિયાના શ્રદ્ધાળુઓ ભગવાન વેંકટેશ્વરના દર્શન કરવા માટે પહોંચે છે : જુદી જુદી રીતે તિરુપતિ પહોંચી શકાય છે**

ભારતની સાથે સાથે સમગ્ર દુનિયામાંથી શ્રદ્ધાળુઓ ભગવાન વેંકટેશ્વરના દર્શન કરવા માટે આંધ્રપ્રદેશના તિરુપતિ પહોંચે છે. આ ધાર્મિક સ્થળ સમગ્ર વિશ્વમાં સૌથી વધારે શ્રદ્ધાળુઓને પોતાની તરફ ખેંચનાર ધાર્મિક સ્થળો પૈકી એક તરીકે છે. ભગવાન વેંકટેશ્વરના દર્શન કરવા માટે ઈચ્છુક શ્રદ્ધાળુઓ જુદા જુદા વિકલ્પોનો ઉપયોગ કરીને અહીં પહોંચી શકે છે. વિમાનીયાત્રા, ટ્રેન અને બસ મારફતે પણ અહીં પહોંચી શકાય છે. તમે પણ ભગવાન વેંકટેશ્વરના દર્શન કરવા માટે ઈચ્છુક છો તો ઈન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટ્યુરિઝમ કોર્પોરેસન લિમિટેડ હવે આપના માટે ખાસ ટુર પેકેજ લઈને તૈયાર છે. આ ટુર પેકેજના ભાગરૂપે આપને તિરુપતિમાં ભગવાન વેંકટેશ્વરના દર્શન કરવા ઉપરાંત તિરુચાનુરુ માં દેવી પદ્માવતિ અને કાલહસ્તી મંદિરમાં દર્શન કરવાની તક મળી શકે છે. આઈઆરસીટીસીના આ પેકેજનુ નામ તિરુપતિ દેવસ્થાનમ રાખવામાં આવ્યુ છે. આઈઆરસીટીસીની સત્તાવાર વેબસાઈટ પર હવે તમામ માહિતી ઉપલબ્ધ કરાવી દેવામાં આવી છે. આ ટુર પેકેજની શરૂઆત ૨૨મી ફેબ્રુઆરીના દિવસથી દિલ્હીથી થનાર છે. જાણકાર લોકો દ્વારા કહેવામાં



આવ્યુ છે કે એક રાત્રી અને બે દિવસના આ ટુર પેકેજમાં યાત્રીઓના દિલ્હીથી તિરુપતિ અને તિરુપતિથી દિલ્હી વાયા ચેન્નાઈ આવવા જવાની ફલાઈટ ટિકિટ, એક બ્રેક્ફાસ્ટ, એક ડિનર, એસી ગાડીથી સાઈટ સિઈંગ તેમજ રાત્રે રોકાવવા માટે ડિલેક્સ હોટેલની વ્યવસ્થા કરવામાં આવી છે. આ સિવાય અન્ય કોઈ પણ પણ પ્રકારની સુવિધા હાંસલ કરવા માટે યાત્રીને પોતાની રીતે સુવિધા માટે પૈસા ચુકવવા પડશે. ફલાઈટ ટિકિટની કિંમતોમાં વધારો તેમજ લંચ આ પેકેજમાં સામેલ નથી. વાત કરવામાં આવે તો પેકેજ ટેરિફ આકર્ષક છે.

આઈઆરસીટીસીના આ પેકેજની કિંમત જુદી જુદી રાખવામાં આવી છે. એક વ્યક્તિ માટે બુકિંગ કરવા પર આપને ૧૮૭૧૦ રૂપિયા ખર્ચ કરવાના રહેશે. જ્યારે ડબલ એટલે કે બે વ્યક્તિ માટે ૧૬૮૦૦ અને ત્રણ વ્યક્તિ માટે પ્રતિ વ્યક્તિ ૧૬૬૭૦ રૂપિયા ખર્ચ કરવાના રહેશે. જો તમારી સાથે બાળકો છે તો પાંચથી ૧૧ વર્ષના બાળકો માટે બેડ ન લેવા પર આપને ૧૫૭૩૫ રૂપિયાની ચુકવણી કરવાની રહેશે. આવી જ રીતે બેથી ચાર વર્ષના બાળકો માટે ૧૨૦૨૦ રૂપિયા ચુકવવાના રહેશે. ઐતિહાસિક વેંકટેશ્વર મંદિર ભારતના એક ઐતિહાસિક મંદિર સમાન છે. આ મંદિરને અન્ય કેટલાક નામથી ઓળખવામાં આવે છે જેમાં તિરુમાલા મંદિર, તિરુપતિ મંદિર, તિરુપતિ બાલાજીનો સમાવેશ થાય છે. વેંકટેશ્વર અન્ય અનેક નામોથી ઓળખાય છે જેમાં બાલાજી, ગોવિન્દા અને શ્રીનિવાસાનો સમાવેશ થાય છે. આ મંદિરનુ નિર્માણ દ્રવિડિયન આર્કિટેક્ચરરીતે કરવામાં આવ્યુ છે. આ મંદિરનુ નિર્માણ કામ ક્યારેય શરૂ થયુ તેને લઈને પાકી માહિતી નથી પરંતુ એમ કહેવામાં આવે છે કે ૩૦૦ એડીથી તેનુ નિર્માણ કામ શરૂ કરવામાં આવ્યુ હતુ. સંપત્તિ અને દાનમાં મળતી રકમની દ્રષ્ટિએ તે વિશ્વમાં સૌથી અમીર મંદિર પૈકી એક તરીકે છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે આ મંદિરમાં દરરોજ ૫૦૦૦૦ થી ૧૦૦૦૦૦ લોકો સુધી પહોંચે છે. જ્યારે કેટલાક ખાસ અવસર પર તો આ સંખ્યા પાંચ લાખ સુધી પહોંચી જાય છે. વર્ષ ૨૦૧૬માં એક રિપોર્ટમાં કહેવામાં આવ્યુ હતુ કે ૨૭.૩ મિલિયન શ્રદ્ધાળુઓ અહીં પહોંચ્યા હતા.

મંદિર વિજયવાડાથી ૪૩૫ કિલોમીટર, હેદરાબાથી ૫૭૧ કિલોમીટર, ચેન્નાઈથી ૧૩૮ કિલોમીટર અને બેંગલોરથી ૨૯૧ કિલોમીટરના અંતરે સ્થિત છે . શ્રદ્ધાળુઓનો ધસારો હમેંશા જોરદાર રીતે રહે છે. લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ જુદી જુદી ભેટ સોગાદો આપે છે.



**આજે તમામ ભાર માનવ-શ્રમને મશીન પર લાવવા પર કેન્દ્રિત**

**આ શોધ છે મશીન મોટા ભાગે માનવી કામ કરી શકે આજે ઝડપથી એક વિષય પર શોધ ચાલી રહી છે જે નજીકના ભવિષ્યમાં અમારા જીવનને વ્યાપક ઢગથી પ્રભાવિત કરનાર છે**

# આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના યુગમાં

**જ્યારે તમામ પ્રકારના કામ મશીનો જ કરવા લાગી જશે ત્યારે સામાન્ય વ્યક્તિને બિનજરૂરી રીતે હાથમાં કામ કોણ આપશે ? મોટો પ્રશ્ન**

આધુનિક સમયમાં તમામ ધ્યાન માનવ-શ્રમને મશીન પર લાવી દેવા માટે આપવામાં આવી રહ્યુ છે. જેથી પ્રશ્ન હવે એ ઉપસ્થિત થાય છે કે જ્યારે તમામ પ્રકારના કામ મશીન દ્વારા જ થવા લાગી જશે તો બિનજરૂરી રીતે સામાન્ય વ્યક્તિના હાથમાં કામ કોણ આપશે. બેરોજગારીની સમસ્યા વધારે ગંભીર બની જશે તે બાબત પર પણ નિષ્ણાંતો સહમત થઈ રહ્યા છે. દુનિયાના અનેક દેશોમાં કેટલાક મહત્વપૂર્ણ કામો આજે રોબોટ કરવા લાગી ગયા છે. આવી સ્થિતીમાં પ્રશ્ન એ થાય છે કે માનવી પાસે કામ શુ રહેશે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ યુગમાં દુનિયાના દેશો ઝડપથી આગળ વધી રહ્યા છે. આજના સમયમાં એક વિષય પર શોધ ખુબ રેકોર્ડ ગતિથી ચાલી રહી છે. આ શોધ છે મશીન મોટા ભાગે માનવી કામ કરી શકે. આજે ઝડપથી એક વિષય પર શોધ ચાલી રહી છે. જે નજીકના ભવિષ્યમાં અમારા જીવનને વ્યાપક ઢગથી પ્રભાવિત કરનાર છે. આ શોધ છે આર્ટિફિશિયલ બુદ્ધિમાની અથવા તો આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ. એક માનવી મશીનથી કઈ રીતે અલગ રહી શકે છે. એક વ્યક્તિ ભોજનના સ્વાદને બતાવી શકે છે. ચીજોને સુંધી શકે છે. કોઈ વિષય પર ચર્ચા વિચારણા કરી શકે છે. તે ભાષણ આપી શકે છે અને ભાષણ સાંભળી શકે છે. અનુભવ કરી શકે છે. આજે આ નવા ક્ષેત્ર છે જેને ધીમે ધીમે મશીનોને સોંપવા માટેની કામગીરી ચાલી રહી છે.



ભારતમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માટે બજારનુ કદ ૮૯.૮ અબજ ડોલરની આસપાસ પહોંચી ગયુ છે. ૯૦ના દશકને જો યાદ કરવામાં આવે તો જાણી શકાય છે કે એ વખતે આર્થિક ઉદારીકરણની નીતિને ખાસ મહત્વ આપવામાં આવ્યુ હતુ.

એ વખતે ભારત સહિત અનેક મિશ્રિત અર્થવ્યવસ્થાઓ દ્વારા ઉદારવાદી આર્થિક મોડલને અપનાવવાની શરૂઆત કરી હતી. આ એ સમય હતો જ્યારે જ્યારે અર્થવ્યવસ્થાના દરવાજા વિદેશી રોકાણ માટે ખોલવામાં આવી રહ્યા હતા. લગભગ આ જ દોરમાં ડિજિટલ દુનિયાના ઉદયની શરૂઆત થઈ હતી. મોબાઈલ ફોન, ઈન્ટરનેટ, જેવી ચીજો વિકસિત દેશોમાં લોકપ્રિય બની રહી હતી. વર્ષ ૨૦૦૬ના અંત સુધી એક્સોન મોબિલ, જનરલ ઈલેક્ટ્રિક, બેંક ઓફ અમેરિકા, બીપી, પેટ્રોચાઈના, એચએસબીસી જેવી મહાકાય કંપનીઓ આર્થિક પિરામિડના ટોપ પર હતી. જો કે વર્ષ ૨૦૨૧સુધી એપલ, એમેઝોન, માઈક્રોસોફટ, આલ્ફાબેટ, ફેસુક, જેવી ડિજિટલ કંપનીઓનો કુલ લાભ પારંપરિક કંપનીઓ કરતા અનેક ગણો વધારે છે. આ લાભ હજુ પણ જારી છે. જ્યારે પરંપરાગત કંપનીઓ સંઘર્ષ કરી રહી છે. છેલ્લા બે દશકના ગાળામા ંજ નવી ડિજિટલ કંપનીઓએ જુની તેલ, ઓટોમોબાઈલ, તેમજ નાણાંકીય ક્ષેત્રની તમામ મોટી કંપનીઓને પછડાટ આપીને આગળ નિકળી ચુકી છે. આ ફેરફારના સંબંધમાં ખાસ બાબત જે ધ્યાન ખેંચનાર છે તે આ પરિવર્તનની ગતિ છે. અમેરિકી કંપનીઓના નામ તો દરેકના દિલોદિમાગ પર છે. પરંતુ ચીની કંપનીઓ તમામનુ ધ્યાન ખેંચી રહી છે. અલીબાબા, ટેનસેન્ટ્સ, હુઆવે જેવી કંપનીઓ પણ ખુબ પાછળ નથી. ડિજિટલ કંપનીઓના વિસ્તારની પાછળ બે ટેકનોલોજી એન્જિન જોડાયેલા છે. એક છે ઈન્ટરનેટ એન્જિન અને અન્ય છે લોકોની માંગ. ઈન્ટરનેટના કારણે કનેક્ટિવિટીમાં જોરદાર વધારો થયો છે. બીજુ એન્જિન સાધનોની સંખ્યામાં જોરદાર વધારો છે. આ બંનેના વધારાના કારણે તેજી આવી છે. આ બંનેના વધારામાં હવે કોઈ ઘટાડો થાય તેવા સંકેત પણ નથી. શરૂમાં કનેક્ટડના નામ પર માત્ર મેનફ્રેમ કોમ્પ્યુટર આઈબીએમ તેમજ મિનિટ કોમ્પ્યુટર રહેતા હતા. ત્યારબાદ પર્સનલ કોમ્પ્યુટર આવી ગયા હતા. આજે સ્માર્ટ ફોનની બોલબાલા છે. ઈન્ટરનેટ ઓફ થિગ્સ સ્માર્ટ ડિવાઈસની સાથે મોટા ભાગના સાધન ઈન્ટરનેટ મારફતે જોડાઈ ગયા છે.

આજે માઈઉક્રોસોફટ, એપલ જેવી કંપનીઓ દુનિયાની સૌથી મોટી દસ કંપનીઓમાં સામેલ છે. આ કંપનીઓ બૌદ્ધિક સંપત્તિ પર આધારિત રહેલી છે. આ કંપનીઓ પોતાની માલિકીવાળા સોફ્ટવેર, હાર્ડવેયર ડિઝાઈન પર પેટેન્ટ મારફતે એકમાત્ર અધિકાર ધરાવે છે. આ કોઈ હેરાનીની વાત નથી કે એપલ અને ગુગલે પોતાની હરિફ કંપનીઓ પર પોતાની બૌદ્ધિક સંપત્તિને ચોરી કરવાના કેસ પણ કરેલા છે. એપલની વિશેષતા એ રહી છે કે તે એક પણ નિર્માણ પ્લાન્ટની રચના કર્યા વગર સ્માર્ટ ફોન તેમજ પર્સનલ કોમ્પ્યુટરની સૌથી મોટી કંપનીઓ પૈકી બનેલી છે. આ એક રસપ્રદ વાસ્તિકતા છે કે આઈફોન બનાવનાર કંપની ફોક્સ ફોનને ાઈફોનની ૨૩૭.૫ ડોલરની કુલ ફેક્ટરી કિંમતમાંથી આશરે ૮.૫ ડોલર જ મળે છે. જ્યારે એપલના રાજસ્વના ૬૦ ટકા કરતા વધારે તેમના સ્માર્ટફોનમાંથી આવે છે. શરૂઆતમાં મેનફ્રેમ કોમ્પ્યુટરની દુનિયામાં સૌથી મોટી કંપની રહેલી આઈબીએમનુ માનવુ હતુ કે અસલી કિંમત હાર્ડવેયરની હોય છે અને સોફ્ટવેર તો માત્ર હાર્ડવેયરની સાથે જોડવા માટે જ કામમાં આવે છે. તે પોતાની રીતે એક માલ હોઈ શકે નહીં. પરંતુ માઈક્રોસોફ્ટ કંપનીએ તો સોફ્ટવેર માટે જ બજારની રચના કરીને ક્રાન્તિ લાવી દીધી હતી.

પોતાના ડેસ અને આગળ ચાલીને વિન્ડોઝ ઓપરેટિગ સિસ્ટમમાં માઈક્રોસોફ્ટ કંપનીએ પ્રભુત્વ મેળવી લીધુ હતુ. આ બિઝનેસની સાથે જ આ કંપનીએ પોતાના ઓપરેટિંગ સિસ્ટમ પર કામ કરનાર પ્રોસેસર, સ્પૈડશીટ્સ, ડેટા બેઝ જેવા સાધનો પર બિઝનેસને વધારી દેવા માટેની શરૂઆત કરી હતી. આજે એવી ચીજો પર શોધ થઈ રહી છે જે ક્યારેય થાકતી નથી. તમે તેનો ૨૪ કલાક ઉપયોગ કરી શકો છો. તેમના કોઈ પરિવાર, બાળકો નથી. તેમની કોઈ ભાવના નથી. માનવી શ્રમને મશીન પર લાવવાથી કેટલાક નવા પડકારો સર્જાશે.

# સહજીવનના સંબંધોમાં કોઈ બંધન નથી હોતું

આજની જીવનશૈલીમાં અપનાવાઈ રહેલા મનગમતા સંબંધોએ નવા પ્રકારની અસામાજિકતા જ નહીં, પરંતુ અસુરક્ષા અને અપરાધના આંકડા પણ વધાર્યા છે. રાજધાની દિલ્હીમાં મુંબઈની એક છોકરીની થયેલ બિભત્સ હત્યા એનો જ નમૂનો છે. હાલમાં જ થયેલ આ ઘટનામાં મિત્રતા, સહજીવન અને પછી પરિવારના વિરોધ કરતાં દિલ્હીમાં આવીને સાથે રહેવાનો રસ્તો પસંદ કરવાનું પરિણામ હત્યા સ્વરૂપે આવ્યું. આ ઘટનામાં લાંબા સમય સુધી સાથે રહ્યા બાદ લગ્ન માટે દબાણ બનાવવા પર લિવ-ઈન પાર્ટનરે પોતાની ૨૬ વર્ષીય મહિલા સાથીદારની હત્યા કરી દીધી. શ્રદ્ધા વાલકરની સાથે રહેનાર-જીવનાર આફતાબે તેનું ગળું દાબીને હત્યા કરી દીધી અને ત્યારબાદ તેના ૩૫ ટુકડા કરીને તેને ફેંકી આવ્યો. પુત્રીનો ફોન નંબર બંધ આવતાં અને કોઈ સમાચાર ન મળતાં પિતાએ એફઆઈઆર કરાવી ત્યારે હત્યાના પાંચ મહિના બાદ આ હત્યાકાંડનો પર્દાફાશ થયો.

એ કડવું સત્ય છે કે પારંપરિક અને સામાજિક બંધનોને છોડીને સ્વતંત્ર, કહો કે સ્વચ્છંદ જીવન જીવવાની ઈચ્છા માટે પસંદ કરવામાં આવતા લિવ-ઈન સંબંધોમાં મોટાભાગે ઘરેલુ હિંસા, મૌખિક દુર્વ્યવહાર અને બર્બરતાથી હત્યા સુદ્ધાં કરી દેવાના કિસ્સા જ વધુ પડતા જોવા મળે છે. એ દુઃખદ છે કે મનગમતા સાથીદારના નામે અસુરક્ષા અને અપરાધના આંકડા વધારનારી ઘટનાઓના સમાચાર દેશના ખૂણે ખૂણેથી આવતા રહે છે. ગામડાં-કસ્બાથી લઈને મહાનગરો સુદ્ધાંમાં એવી ઘટનાઓ બનતી રહે છે. હાલના દોરમાં વિચિત્ર સંબંધોથી પેદા થયેલી અસુરક્ષા ચારેબાજુ જોવા મળે છે. સ્થિતિ એવી થઈ ગઈ છે કે કેટલીય વાર ન્યાયાલય દ્વારા પણ સહજીવનના સંબંધો પર આકરી ટિપ્પણીઓ કરવામાં આવી છે. ગત દિવસોમાં જ યૌન ઉત્પીડન કેસની સુનાવણી કરતાં મધ્ય પ્રદેશ હાઈકોર્ટની ઈન્દોર પીઠે યૌન અપરાધો અને સામાજિક વિકૃતિઓમાં વધારાને ધ્યાનમાં રાખતાં લિવ-ઈન સંબંધો એટલે કે લગ્ન વિના સાથે રહેવાને અભિશાપ ગણાવતાં તેને નાગરિકોના જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાની બંધારણીય ગેરંટીની બાયપ્રોડક્ટ ગણાવી હતી. ન્યાયાલયે એ વિચારણીય વાત પણ કહી કે જે લોકો આ આઝાદીનું શોષણ કરવા માંગે છે, તેઓ તેને તરત અપનાવે છે, પરંતુ એ વાતથી સંપૂર્ણ અજાણ છે કે તેની પોતાની મર્યાદાઓ છે. આ આઝાદી બંનેમાં કોઈપણ સાથીદારને એકબીજા પર કોઈ અધિકાર નથી આપતી.

અસલમાં લિવ-ઈન સંબંધોમાં અસુરક્ષા અને અપૂર્ણતા હંમેશથી રહે છે. એકબીજાનો સાથ પામીને પણ સહજીવનના સંબંધોમાં અંદરથી ખાલીપણું અને ભયનો માહોલ હંમેશાં ઊભો જ રહે છે. આજના યુવક-યુવતીઓ માટે એ સમજવું જરૂરી છે કે કોઈ જવાબદારી વિના જીવાતા લિવ-ઈન સંબંધોમાં વિવાહ સંસ્થા જેવી ભાવનાત્મક, સામાજિક અને પારિવારિક સુરક્ષા મળી શકવી મુશ્કેલ છે. એવું નથી કે લગ્નના સંબંધોમાં



બધું જ સહજ રહેતું હોય છે, પરંતુ એટલું ચોક્કસ કે દાયિત્વબોધ અને પારિવારિક જોડાણનો ભાવ એક મજબૂત પૃષ્ઠભૂમિ બનીને જીવનને સાચવે છે. વૈવાહિક સંબંધો સાથે જોડાયેલી સામાજિક સ્વીકાર્યતા સુરક્ષા અને આધાર આપે છે. આર્થિક હોય કે ભાવનાત્મક, ગૂંચવણોના દોરમાં પોતાનાઓનો સાથ મળે છે. આ બંધન બાંધે છે તો આધાર પણ આપે છે. સહજીવનના સંબંધોમાં કોઈ બંધન નથી હોતું. આ સંબંધ સાથે કોઈ જવાબદારીનો ભાવ જોડાયેલો નથી હોતો. ખુલ્લાપણાના ભાવ સાથે જીવાતા આ સંબંધોમાં કેટલીય વાર ગૂંચ એટલી વધી જાય છે કે તેની પરિણીત અપરાધિક ઘટના રૂપે થાય છે. થોડા સમય બાદ અપૂર્ણતા અને અસુરક્ષા ભર્યા આ સંબંધોમાં પણ ભાવનાઓ ચૂપચાપ દમ તોડી દે છે. કેટલાય મામલે આ સંબંધોની શરૂઆત જ શોષણના ઈરાદાથી કરવામાં આવે છે.

અફસોસ કે કથિત ખુલ્લાપણું ગણાતા સહજીવનમાં પણ છોકરીઓએ જ મોટાભાગે છેતરાવું પડે છે. તે પોતાના લિવ-ઈન પાર્ટનરની અપેક્ષાએ આ સંબંધોને લઈને વધુ સંવેદનશીલ હોય છે. એક સમય બાદ પોતાના સંબંધોના ભવિષ્યને લઈને આશંકિત થઈ જાય છે. લગ્ન કરીને ઘર વસાવવાનું વિચારવા લાગે છે. દિલ્હીની આ ઘટના પાછળ પણ છોકરીનું વિવાહ માટે દબાણ કરવું જ તેના મોતનું કારણ બન્યું. હત્યા અને આત્મહત્યા જેવી ઘટનાઓ ઉપરાંત પણ આ સંબંધોમાં કેટલીય મહિલાઓ લિવ-ઈન સાથી પર ભરોસો કરીને યૌન શોષણ અને બ્લેકમેલિંગનો શિકાર બની ચૂપકિદી સેવે છે. એટલું જ નહીં, આ સંબંધોમાં જન્મેલાં બાળકોને જવાબદારી અને સુરક્ષા પણ લાંબા સમયથી ચર્ચાનો મુદ્દો બનેલી છે. અફસોસ કે સ્વાયત્ત અને સ્વતંત્ર સંબંધોને લઈને પોતાની પસંદગી અને વ્યક્તિગત પસંદ અનુસાર જીવવાની વાત કરનારી છોકરીઓના જીવન પર ક્યારેક તેમના પોતાના જ નિર્ણયો ભારે પડી જાય છે. એવામાં જરૂરી છે કે પ્રેમના સાચા અર્થને સમજવામાં આવે. કોઈ સંબંધોને જીવતાં પોતાના ભવિષ્ય અને સુરક્ષા વિશે પણ વિચારવું જોઈએ.

એ પણ વિચારવા જેવું છે કે આંતરધાર્મિક વિવાહની ઝંડાબરદાર બહુસંખ્યક સમાજની છોકરીઓ જ કેમ બને છે? તેની પાછળ જે કારણ દષ્ટિગોચર થાય છે, તે સ્પષ્ટપણે સામાજિક અને સાંસ્કૃતિક વિશ્વાસનાં ખોખલાં થતાં મૂળ તરફ ઈશારો કરે છે. આધુનિક માનસિકતાના નામે સનાતન સંસ્કૃતિની આસ્થા, વિશ્વાસ એ મૂલ્યોને પછાતપણાનાં પ્રતીક માનવામાં આવે છે. મોટાભાગે મધ્યમવર્ગીય ભારતીય પરિવારો આવી પરિપાટી અપનાવીને ખુદને અભિજાત્ય ગણાવવા આતુર થઈ રહ્યા છે અને અંતે એક એવી પેઢીનું નિર્માણ કરી રહ્યા છે, જે દિગ્ભ્રમિત છે અને જેના માટે પ્રેમ દૈહિક આકર્ષણથી વધારે કશું જ નથી. આ તથ્યને નકારી ન શકાય કે કોઈપણ પંથની પરંપરાઓ ફક્ત આસ્થાનો વિષય નથી, પરંતુ તે જીવન પથ પ્રદર્શક પણ છે, જેનો અભાવ યોગ્ય-અયોગ્ય વચ્ચે ભેદ કરવાના વિવેકને ક્ષીણ કરે છે. શું ડેટિંગ એપ્સ, સોશ્યલ નેટવર્ક સાઈટ્સ કે તમામ છદ્મ આધારોથી ઉપજેલો પ્રેમ એટલો શક્તિશાળી થઈ જાય છે કે કોઈની માન્યતાઓ અને આસ્થાઓને જાદુઈ છડી ફેરવીને બદલી નાખે? એ સત્ય નથી. તો પછી આ જાદુઈ છડી કઈ છે? દૈહિક આકર્ષણમાં વીંટળાયેલી પ્રેમની સંમોહન જાળ મન અને મસ્તિષ્કને બુઠ્ઠાં કરી સમજવા-વિચારવાની શક્તિ ખતમ કરી દે છે અને આ સ્થિતિ શ્રદ્ધા જેવી કેટલીય છોકરીઓને મોતના મુખમાં ધકેલી દે છે.

કોઈને આ બધું સંકુચિત માનસિકતા લાગી શકે, પરંતુ અહીં ૨૦૧૪માં અલ્હાબાદ હાઈકોર્ટની એ ટિપ્પણી પર ધ્યાન આપવું જોઈએ, જ્યાં તેણે નૂરજહાં પ્રકરણમાં કહ્યું હતું કે જે મત-મજહબની જાણકારી નથી, તેને આખરે કેવી રીતે સ્વીકારી શકાય? હાઈકોર્ટે એમ પણ કહ્યું હતું કે ધર્માંતરણનો આશય ધર્મની પ્રત્યેક વ્યવસ્થા અને સિદ્ઘાંતોને અપનાવવાનો છે. પ્રેમનો સ્વીકાર વિરોધનો વિષય નથી. વિરોધનો આધાર પ્રેમની આડમાં છૂપા ધર્માંતરણની દાનતનો પણ છે. શ્રદ્ઘાની બર્બરતાથી હત્યા પર સમાજે જાગી જવું પડશે, નહિ તો કેટલીય છોકરીઓ આ જ રીતે મોતનો સામનો કરશે.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

**WHY JOIN CYBER OCTET ?**

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

**ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)**

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com




# કોમર્શિયલ એલપીજીના ભાવમાં વધારો કર્યો

। નવીદિલ્હી, તા.૧ ।

ઓક્ટોબર ૨૦૨૫ શરૂ થઈ ગયો છે અને તેમાં ઘણા મોટા ફેરફારો થયા છે . મહિનાના પહેલા દિવસે જ લોકોને મોંઘવારીનો ઝટકો લાગ્યો છે. દેશભરમાં તહેવારની સિઝનમાં મોંઘવારીનો ઝટકો, કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં ૨૩.૧૬ સુધીનો વધારો કરવામાં આવ્યો છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ દિલ્હીથી મુંબઈ અને કોલકાતાથી ચેન્નાઈ સુધી તહેવારની સિઝનમાં મોંઘવારીનો ઝટકો, કોમર્શિયલ એલપીજીના ભાવમાં વધારો કર્યો છે. જો કે, આ વધારો ૧૯ કિલોગ્રામના કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં કરવામાં આવ્યો છે, જ્યારે ૧૪ કિલોગ્રામના ઘરેલુ રાંધણ તહેવારની સિઝનમાં મોંઘવારીનો ઝટકો, કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવ યથાવત જ રખાયા છે. આઈઓસીએલ ની વેબસાઈટ પર અપડેટેડ તહેવારની સિઝનમાં મોંઘવારીનો ઝટકો, કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવને ધ્યાને લેતા રાજધાની દિલ્હીમાં સિલિન્ડરના ભાવમાં ૧૫ રૂ.નો વધારો થયો છે. આ ફેરફાર બાદ ૧૯ કિલોગ્રામના સિલિન્ડરની કિંમત હવે પહેલાના ૧૫૮૦ને બદલે ૧૫૯૫ રૂ. થશે. જ્યારે કોલકાતામાં કોમર્શિયલ અલપીજજીસિલિન્ડરની કિંમત ૧,૬૮૪ થી વધીને ૧,૭૦૦ રૂ. થઈ ગઈ છે.અન્ય મહાનગરોની વાત કરીએ તો ૧૯ કિલોગ્રામનું સિલિન્ડર જે પહેલા મુંબઈમાં ૧૫૩૧માં મળતું હતું હવે તેની કિંમત ૧૫૪૭ રૂ. છે, જ્યારે ચેન્નાઈમાં તેની કિંમત ૧૭૩૮ થી વધારીને ૧૭૫૪ રૂ. કરવામાં આવી છે.


### નેશનલ ક્રાઇમ રેકોર્ડ બ્યૂરોએ વર્ષ ૨૦૨૩ના દેશભરના આંકડા જાહેર કર્યા

# ૨૦૨૩માં દેશમાં ૧.૭૧ લાખ લોકોએ આત્મહત્યા કરી । સૌથી વધુ ૧૦૭૦૦ ખેડૂતોએ જીવ ટૂંકાવ્યો

**આંકડા મુજબ વર્ષ ૨૦૨૩માં ખેતી સાથે સંકળાયેલા ૧૦૭૦૦ લોકોએ આત્મહત્યા કરી લીધી, જેમાં ૪૬૩૦ ખેડૂતો અને ૬૦૯૬ ખેતમજૂરોનો સમાવેશ થાય છે । જ્યારે વર્ષ ૨૦૨૩ માં કુલ ૧૭૧૪૧૮ લોકોએ આત્મહત્યા કરી તેમાં ૬૬ ટકાની વાર્ષિક આવક એક લાખથી પણ ઓછી**

। નવીદિલ્હી, તા.૧ ।

નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરોએ વર્ષ ૨૦૨૩ના દેશભરના આંકડા જાહેર કર્યા છે. ખેડૂતો, વિદ્યાર્થીઓની આત્મહત્યા, મહિલાઓ પર અત્યાચાર સહિતના જે આંકડા જાહેર થયા છે તેમાં ઘણી ચોંકાવનારી માહિતી સામે આવી છે. આ સત્તાવાર આંકડા મુજબ વર્ષ ૨૦૨૩માં ખેતી સાથે સંકળાયેલા ૧૦૭૦૦ લોકોએ આત્મહત્યા કરી લીધી, જેમાં ૪૬૩૦ ખેડૂતો અને ૬૦૯૬ ખેતમજૂરોનો સમાવેશ થાય છે. જ્યારે વર્ષ ૨૦૨૩ માં કુલ ૧૭૧૪૧૮ લોકોએ આત્મહત્યા કરી તેમાં ૬૬ ટકાની વાર્ષિક આવક એક લાખથી પણ ઓછી છે.ખેડૂતો અને ખેત મજૂરોની આત્મહત્યામાં ૩૮ ટકા સાથે મહારાષ્ટ્ર પ્રથમ, ૨૨ ટકા સાથે કર્ણાટક બીજા અને ૮ ટકા સાથે આંધ્ર પ્રદેશ ત્રીજા ક્રમે છે. આ સાથે જ દેશભરમાં વર્ષ ૨૦૨૩માં થયેલી આત્મહત્યાના કુલ આંકડા પણ જાહેર કરાયા છે, જે મુજબ વર્ષ




૨૦૨૩માં દેશભરમાં કુલ ૧૭૧૪૧૮ લોકોએ આત્મહત્યા કરી હતી જેમાં ૬૬ ટકા એટલે કે આશરે ૧૧૩૪૧૬ લોકો એવા છે કે જેમની વાર્ષિક આવક એક લાખ રૂપિયાથી પણ ઓછી હતી. આ આત્મહત્યા કરનારાઓમાં ખેડૂતો ઉપરાંત વિદ્યાર્થીઓનો પણ સમાવેશ થાય છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરોના આંકડા મુજબ દેશમાં છેલ્લા ૧૦ વર્ષમાં વિદ્યાર્થીઓની આત્મહત્યામાં ચિંતાજનક ૬૪ ટકાનો વધારો થયો છે. વર્ષ ૨૦૧૩થી ૨૦૨૩ એટલે કે ૧૦ વર્ષમાં કુલ ૧૧૭૮૪૬ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરીને જીવન ટુંકાવ્યું હતું. વર્ષ પ્રમાણે નજર કરીએ તો ૨૦૨૩માં ૧૩૮૯૨ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી લીધી હતી. આ આંકડો વર્ષ ૨૦૨૦માં ૧૨૫૨૬ વર્ષ ૨૦૨૩માં ૧૩૦૮૯, વર્ષ ૨૦૨૨માં ૧૩૦૪૪નો હતોભારતમાં કુલ આત્મહત્યાનું પ્રમાણ પાંચ વર્ષ (૨૦૧૯થી ૨૦૨૩)માં ૨૩ ટકા વધ્યું જ્યારે વિદ્યાર્થીઓની આત્મહત્યાનું પ્રમાણ પાંચ વર્ષમાં ૩૪ ટકા વધ્યું. વર્ષ ૨૦૨૩માં જે કુલ આત્મહત્યાઓ થઈ તેમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૮ ટકાથી વધુ છે. વર્ષ ૨૦૨૩માં જે ૧૩૮૯૨ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી તેમાં ૭૩૩૦ છોકરા અને ૬૫૫૯ છોકરીઓનો સમાવેશ થાય છે. મોટી ચિંતાજનક વાત એ છે કે આત્મહત્યા કરી તેમાં અત્યંત યુવા વયના એટલે કે ધોરણ ૧૦ સુધીના વિદ્યાર્થીઓનું પ્રમાણ ૨૪ ટકા છે, ૧૨ ધોરણ સુધીના ૧૭ ટકા, ૫ ઇંચ ધોરણ સુધીના ૧૪ ટકા છે.દેશભરમાં જે પણ ૧.૭૧ લાખથી વધુએ આત્મહત્યા કરી તેમાં ૬૬ ટકાની વાર્ષિક આવક એક લાખથી પણ ઓછી, ૨૮ ટકા એટલે કે ૪૮૪૩૨ ની એક લાખથી પાંચ લાખ વચ્ચે હતી.

## અસ્થિ વિસર્જન માટે જતા પરિવારનો ગોઝારો અકસ્માત, ઊભી ટ્રકમાં કાર ઘૂસી જતાં ૬ના મોત

। મુજફ્ફરનગર, તા.૧ ।

ઉત્તરપ્રદેશના મુજફ્ફરનગરથી એક દુ:ખદ સમાચાર સામે આવ્યા છે. એક પરિવારના સભ્યો કારમાં સવાર થઈને પરિવારના એક સભ્યના અસ્થિ વિસર્જન માટે હરિયાણાથી હરિદ્વાર જઈ રહ્યા હતા. આ દરમિયાન રોડના કિનારે ઊભેલી ટ્રકના પાછળના ભાગમાં કાર ઘૂસી જતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં એક જ પરિવારના લગભગ છ લોકોના મોત નીપજ્યા હતા. જ્યારે એકની હાલત ગંભીર હોવાની જાણકારી મળી રહી છે. ઘટનાની જાણ થતાં જ લોકોની ભીડ એકઠી થઈ ગઈ હતી અને પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે દોડી જઈ મોટાભાગના લોકોને હોસ્પિટલ પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ કોઈને બચાવી ના શકાયા. આ ઘટના મુજફ્ફરનગરના તિતાવી પોલીસ સ્ટેશનની હદમાં બની હતી. મૃતકોમાં બે મહિલા પણ સામેલ છે. મળતી માહિતી અનુસાર જ્યારે કારચાલક પૂરપાટ ગતિએ હાઈવે પર જઈ રહ્યો હતો તે સમયે અચાનક જ ડ્રાઈવરે સ્ટીયરિંગ પરથી કાબુ ગુમાવ્યો હતો અને કાર હાઈવે પર ઊભી ટ્રકના પાછળના ભાગમાં ઘૂસી ગઈ હતી. જેના બાદ ધડાકાભેર ટક્કર થતાં કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. હાલમાં પોલીસે તમામ મૃતકોના મૃતદેહો કબજે લઈને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે.

## યુપીના ફતેહપુરમાં આકાશથી વીજળી પડતા હોનારત, પિતા-પુત્ર સહિત ૭ને કાળ ભરખી ગયો

। ફતેહપુર, તા.૧ ।

યૂપીના ફતેહપુર જિલ્લામાં મંગળવાર સાંજે આકાશી વીજળીએ કહેર વર્તાવ્યો છે. અહીં સદર તાલુકાના ત્રણ અલગ અલગ જગ્યાએ આકાશી વીજળી પડવાથી પિતા પુત્ર સહિત અન્ય સાત લોકોનો મોત થયા હતા. ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી. મૃતકોના પરિવારજનો ખૂબ જ દુ:ખી છે. તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચેલી પોલીસ અને મહેસૂલ વિભાગની ટીમે પરિવારજનોને શક્ય એટલી મદદ કરવાની ખાતરી આપી હતી અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપ્યા હતા. હાલમાં પોલીસે આગળની કાર્યવાહી શરુ કરી છે. પહેલી ઘટના ફતેહપુરના ગાઝીપુર વિસ્તારમાં બન્યો હતો. જેમાં ૭૫ વર્ષીય નિવૃત્ત રેલ્વે કર્મચારી દેશરાજનું આકાશી વીજળી પડવાથી ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. સિમોરના રહેવાસી દેશરાજ એક નજીકના સગાનાં ઘરેથી મુંડન સમારોહમાં હાજરી આપીને પરત ફરી રહ્યા હતા. પરંતુ રસ્તામાં ભારે વરસાદ પડતાં તે વડના ઝાડ નીચે ઊભા રહી ગયા હતા. આ દરમિયાન દેશરાજ પર વીજળી પડી હતી. જે અંગે સમાચાર મળતા તાત્કાલિક તેમના પરિવારજનોએ તેમને હોસ્પિટલ લઈ ગયા, જ્યાં ડોકટરોએ તેને મૃત જાહેર કર્યો.

### ૧ જુન ૨૦૨૫ના રોજ મતદાતાઓનો આંકડો ૭.૮૯ કરોડનો હતો

# બિહારમાં વિધાનસભા ચુંટણી પહેલા કુલ ૭.૪૨ કરોડ મતદાતાઓ । ૪૭ લાખ કપાયા

**ચુંટણી પંચે બહાર પાડેલા નવીનત્તમ આંકજા અનુસાપ ડ્રાફટ મતદાતા સૂચીની સરખામણીમાં ૩ લાખ ૬૬ હાજર નામ અયોગ્ય જણાતા કમી કરવામાં આવ્યા । જયારે ડ્રાફટ રોલમાં શામેલ ના હોવાથી ૨૧.૫૩ લાખ નવા મતદાતાઓને ફોર્મ ૬ ભરીને પોતાના નામ જોડવામાં આવ્યા**

। નવી દિલ્હી, તા.૧ ।

ફોર્મ ૬ ભરીને હજુ પણ રહી ગયેલા મતદાતાઓ નામ નોંધાવી શકે છે બિહાર વિધાનસભાની ચુંટણીની તૈયારીના ભાગરુપે રાજયમાં મતદાનની ફાઈનલ યાદી તૈયાર થઈ ગઈ છે.યાદી મુજબ અત્યાર સુધી બિહારમાં કુલ ૭ કરોડ ૪૨ લાખ મતદાતાઓ છે જે ગત સમયની ૧ જુન ૨૦૨૫ના રોજ આંકડો ૭.૮૯ કરોડનો હતો. એ દ્રષ્ટીએ જોઈએ તો કુલ ૪૭ કરોડ મતદાતાઓની સંખ્યા ઘટી છે. ૧ ઓગસ્ટ ૨૦૨૪ની યાદીમાં બહાર પાડવામાં આવેલા ડ્રાફટ વોટર લિસ્ટમાં કુલ ૭.૨૪ કરોડ મતદાતા હતા. ચુંટણી પંચે બહાર પાડેલા નવીનત્તમ આંકજા અનુસાપ ડ્રાફટ મતદાતા સૂચીની સરખામણીમાં ૩ લાખ ૬૬ હાજર નામ અયોગ્ય જણાતા કમી કરવામાં આવ્યા છે. જયારે ડ્રાફટ રોલમાં



શામેલ ના હોવાથી ૨૧.૫૩ લાખ નવા મતદાતાઓને ફોર્મ ૬ ભરીને પોતાના નામ જોડવામાં આવ્યા છે.

ચુંટણી પંચના જણાવ્યા અનુસાર કોઈ યોગ્ય વ્યકિત હજુ પણ પોતાનું નામ ઈચ્છે તો મતદાતા સૂચીમાં નામ જોડી શકે છે તેના માટે ફોર્મ ૬ ભરવું પડશે. શરત એટલી જ છે કે અરજી ચુંટણીમાં નામાંકન કરવાની અંતિમ તારીખના દસ દિવસ પહેલા જમા થવી જરુરી છે. જો કોઈ વ્યકિત અંતિમ મતદાતા યાદીમાં નામ બાબતે સંતુષ્ટ ના હોયતો જન પ્રતિનિધિત્વ નિયમ ૧૯૫૦ની કલમ ૨૪ હેઠળ જિલ્લા મેજીસ્ટ્રેટ સમક્ષ પોતાની પ્રથમ અપીલ સીઈઓ સમક્ષ બીજી અપીલ દાખલ કરી શકે છે. બિહારમાં આ પ્રથમ મોકો હતો જેમાં વિશેષ પ્રકારના પુનરીક્ષણ ( સ્પેશિયલ ઈન્ટેન્સિવ રીવીઝન)ના માધ્યમથી મતદાતા યાદીને વ્યાપક રીતે અપડેટ કરવામાં આવી હતી. આયોગના આસિસ્ટન્ટ ડાયરેકટર અપૂર્વકુમારસિંહે જણાવ્યું હતું કે આ કવાયતમાં બિહારના ૨૮ જિલ્લાના ચુંટણી અધિકારીઓ (ડીઈઓ) ૨૪૩ ચુંટણી પ્રબંધન અધિકારી(ઈઆરઓ) ૨૯૭૯ સહ ચુંટણી અધિકારી (એઈઆરઓ) અને લગભગ ૧ લાખ બૂથ સ્તરના અધિકારી (બીએલઓ) અને લાખો સ્વયંસેવકો આમાં જોડાયા હતા.આ સાથે જ તમામ ૧૨ જેટલા મુખ્ય રાજકીય પક્ષોના જિલ્લા અધ્યક્ષ અને ૧.૬ લાખ કરતા પણ વધુ બુથસ્તરના એજન્ટ (બીએલએ) એ ભાગ લીધો હતો. ચુંટણી પંચે બહાર પાડેલા નવીનત્તમ આંકજા અનુસાપ ડ્રાફટ મતદાતા સૂચીની સરખામણીમાં ૩ લાખ ૬૬ હાજર નામ અયોગ્ય જણાતા કમી કરવામાં આવ્યા.

### કેન્દ્ર સરકાર વર્ષમાં બે વખત મોંઘવારી ભથ્થામાં વધારો કરે છે

## કેન્દ્રીય કર્મચારીઓને દિવાળી ભેટ, મોંઘવારી ભથ્થું વધારવા કેબિનેટની મંજૂરી

। નવી દિલ્હી, તા.૧ ।

કેન્દ્ર સરકારે કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનધારકો માટે મોંઘવારી ભથ્થું વધારવાનો નિર્ણય લીધો છે. આ વધારો ૧ જુલાઈથી અમલી બનશે. આજે યોજાયેલી કેબિનેટની બેઠકમાં કેન્દ્રીય કર્મચારીઓને દિવાળી ભેટ આપતાં મોંઘવારી ભથ્થું વધારવા મંજૂરી આપવામાં આવી છે. કેન્દ્ર સરકાર વર્ષમાં બે વખત મોંઘવારી ભથ્થામાં વધારો કરે છે. એક હોળી પહેલાં જાન્યુઆરી-જૂન દરમિયાન અને બીજું દિવાળી પહેલાં જુલાઈ-ડિસેમ્બર દરમિયાન ફ્છ માં વધારાની જાહેરાત થાય છે. દેશના ૧.૫ કરોડ કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનદારોને આ વધારાનો લાભ મળશે. સરકારી કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં લગભગ ૩ ટકાનો વધારો થવાની શક્યતા છે. આ સાથે કુલ મોંઘવારી ભથ્થું તેમના બેઝિક પેના ૫૮ ટકા થશે. આ વર્ષે જાન્યુઆરી-જૂનમાં મોંઘવારી ભથ્થું ૨ ટકા વધારવામાં આવ્યું હતું. જે છેલ્લા છ વર્ષની તુલનાએ સૌથી ઓછો વધારો હતો.કેન્દ્ર સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૩ ટકા વૃદ્ધિને ધ્યાનમાં લેતાં ગણતરી કરીએ તો ધારો કે, બેઝિક પગાર રૂ. ૩૬૦૦૦ છે. તો મોંઘવારી ભથ્થું દર મહિને ૧૦૮૦ રૂપિયા વધશે. પેન્શનધારકોને પણ પ્રમાણસર લાભ મળશે, અને મોંઘવારી રાહતમાં વધારો થવાની અપેક્ષા છે. હાલ સાતમા પગાર પંચ હેઠળ મોંઘવારી ભથ્થું વધે છે. આ સાતમા પગાર પંચનો ૧૦ વર્ષનો ગાળો ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ પૂર્ણ થશે. આગામી વર્ષના મધ્ય સુધીમાં આઠમું પગાર પંચ લાગુ થવાની શક્યતા છે. કેન્દ્ર સરકારે કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનધારકો માટે મોંઘવારી ભથ્થું વધારવાનો નિર્ણય લીધો છે. આ વધારો ૧ જુલાઈથી અમલી બનશે. આજે યોજાયેલી કેબિનેટની બેઠકમાં કેન્દ્રીય કર્મચારીઓને દિવાળી ભેટ આપતાં મોંઘવારી ભથ્થું વધારવા મંજૂરી આપવામાં આવી છે. કેન્દ્ર સરકાર વર્ષમાં બે વખત મોંઘવારી ભથ્થામાં વધારો કરે છે. એક હોળી પહેલાં જાન્યુઆરી-જૂન દરમિયાન અને બીજું દિવાળી પહેલાં જુલાઈ-ડિસેમ્બર દરમિયાન ફ્છ માં વધારાની જાહેરાત થાય છે.

## મુંબઈ હુમલા બાદ અમેરિકાના દબાણના કારણે પાકિસ્તાનને જવાબ નહોતો આપ્યો : ચિદમ્બરમ

। નવીદિલ્હી, તા.૧ ।

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રીય ગૃહ મંત્રી પી. ચિદમ્બરમે મોટો ખુલાસો કરતાં રાજકારણમાં હડકંપ મચ્યો છે. તેમણે ખુલાસો કર્યો કે, તત્કાલિન યુપીએ સરકારે ૨૦૦૮ના આતંકી હુમલા બાદ ભારે આંતરરાષ્ટ્રીય દબાણ અને વિદેશ મંત્રાલયના દબાણના કારણે પાકિસ્તાન પર જવાબી કાર્યવાહી ન કરવાનો નિર્ણય લીધો હતો. કોંગ્રેસના વરિષ્ઠ નેતાએ સ્વીકાર્યું હતું કે, મારા મનમાં બદલાનો વિચાર આવ્યો હતો. પરંતુ સરકારે સૈન્ય કાર્યવાહી ન કરવાનો નિર્ણય લીધો.ચિદમ્બરે સ્વીકાર્યુ કે, તે સમયે કોંડોલીઝા રાઈસ અમેરિકાના વિદેશ મંત્રી હતા.

## કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાઅર્જુન ખડગેની તબિયત લથડી । હોસ્પિટલમાં દાખલ

। બેંગલુરુ, તા.૦૧ ।

ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી અને ઈન્ડિયન નેશનલ કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં ડૉક્ટરો તેમની સ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યા છે. તેમની તબિયત બગડતા તેમને હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા અને સંપૂર્ણ તપાસ માટે દાખલ કરવામાં આવ્યા હતા. તેમને સારવાર માટે બેંગલુરુની એક હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. મલ્લિકાર્જુન ખડગે એક વરિષ્ઠ સાંસદ છે અને કોંગ્રેસપાર્ટીનાસૌથીઅગ્રણીનેતાઓમાંનાએકછે. ઑક્ટોબર ૨૦૨૨થી ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટીના પ્રમુખ તરીકે, તેમણે અનેક ચૂંટણી સ્પર્ધાઓમાં પાર્ટીનું નેતૃત્વ કર્યું છે અને રાષ્ટ્રીય વ્યૂહરચના ઘડવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે.૧૯૪૨ માં જન્મેલા ખડગેની રાજકીય કારકિર્દી દાયકાઓ સુધી ફેલાયેલી છે, જે દરમિયાન તેમણે સાંસદ, કેન્દ્રીય મંત્રી અને વિપક્ષના નેતા તરીકે સેવા આપી છે. તેમની કારકિર્દી મજબૂત સંગઠનાત્મક કુશળતા ધરાવતા ગ્રાઉન્ડ લેવલ સુધી જોડાયેલા નેતા તરીકેની તેમની પ્રતિષ્ઠા દ્વારા ચિહ્નિત થયેલ છે. પાર્ટી પ્રમુખ તરીકે, તેમણે કોંગ્રેસને તેના સૌથી પડકારજનક રાજકીય તબક્કામાંથી પસાર કરવાની જવાબદારી લીધી છે. ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી અને ઈન્ડિયન નેશનલ કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં ડૉક્ટરો તેમની સ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યા છે.

### ન્યૂઝ બ્રિફ




## બેટિંગ પ્લેટફોર્મ સામે મની લોન્ડરિંગના કેસમાં ઇડી દ્વારા ઉર્વશીની પૂછપરછ

। નવીદિલ્હી, તા.૦૧ ।

ઓનલાઈન બેટિંગ પ્લેટફોર્મ્સ ૧એક્સબેટ સામે ચાલી રહેલી મની લોન્ડરિંગની તપાસના ભાગરૂપે ઈડીએ ૩૧ વર્ષની અભિનેત્રી અને મોડેલ ઉર્વશી રૌતેલાની પૂછપરછ કરી મંગળવારે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ-પીએમએલએ હેઠળ તેનું નિવેદન નોંધ્યું હતું. છેલ્લા થોડા અઠવાડિયાઓથી ચાલી રહેલી તપાસમાં ઈડીએ ક્રિકેટર્સ યુવરાજસિંહ, સુરેશ રૈના, રોબિન ઉથ્થપા અને શિખર ધવનની તથા એક્ટર્સ સોનુ સુદ, મિમિ ચક્રવર્તિ અને બંગાળી અભિનેતા અંકુશ હાઝરાની પણ પૂછપરછ કરી છે. આ પ્લેટફોર્મ્સ ગેરકાયદે બેટિંગ અને જુગાર દ્વારા કરોડો રૂપિયાની હેરાફેરી કરે છે. દેશમાં આ પ્લેટફોર્મના ૨૨ કરોડ વપરાશકારો છે તેમાંથી અડધા તેનો નિયમિત ઉપયોગ કરે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર પોર્ટલ ૧એક્સ બેટ દ્વારા આ સેલિબ્રિટીઓને ચૂકવવામાં આવેલી એન્ડોર્સમેન્ટ ફીનો ઉપયોગ આ હસ્તીઓએ વિવિધ પ્રકારની સંપત્તિઓ ખરીદવા માટે કર્યો છે. મની લોન્ડરિંગ કાયદા હેઠળ આ સંપત્તિઓ ગુના દ્વારા મેળવાઈ હોવાનું વર્ગીકૃત થતું હોઈ ઈડી આ કરોડો રૂપિયાની સંપત્તિ જપ્ત કરી શકે છે. કુરાકાઓમાં રજિસ્ટર્ડ ૧એક્સ બેટ દુનિયાભરમાં સટ્ટો રમાડતી કંપની છે જે ૧૮ વર્ષથી સટ્ટાબજારમાં કાર્યરત છે. કંપનીની વેબસાઈટ અને એપ દ્વારા ગ્રાહકો હજારો સ્પોર્ટિંગ ઈવેન્ટમાં દાવ લગાડી શકે છે. કેન્દ્ર સરકારે તાજેતરમાં કાયદો ઘડી ઓનલાઈન ગેમિંગમાં સટ્ટો રમવા પર પ્રતિબંધ મુક્યો છે. કેન્દ્ર સરકારે તાજેતરમાં કાયદો ઘડી ઓનલાઈન ગેમિંગમાં સટ્ટો રમવા પર પ્રતિબંધ મુક્યો છે.

## ઉત્તરપ્રદેશમાં ઘરમાંથી ૬ મૃતદેહો મળ્યાં, બે બાળકની હત્યા કરી માથાફરેલાએ ઘરને આગ ચાંપી

। બહરાઇચ, તા.૧ ।

ઉત્તર પ્રદેશના બહરાઈચ જિલ્લાના નિંદુનપુરવા ટેપરહા ગામમાં બુધવારે સવારે એક અત્યંત હૃદયદ્રાવક ઘટના બની. જ્યાં એક માથાફરેલા વ્યક્તિએ બે કિશોરોની કુહાડી વડે હત્યા કર્યા બાદ પોતાના જ પરિવાર સાથે એક રૂમમાં બંધ કરી આગ લગાવી દીધી, જેના કારણે કુલ છ લોકોનાં મોત થયા છે. આ ભીષણ આગમાં ચાર પશુઓ પણ જીવતા ભૂંજાઈ ગયા.પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટના બુધવારે સવારે બની હતી જ્યારે ગામના રહેવાસી વિજય કુમારે પોતાના ખેતરમાં લસણ વાવવા માટે ગામના જ બે કિશોરો— સૂરજ યાદવ (૧૪) પુત્ર લચ્છી રામ અને સની વર્મા (૧૩) પુત્ર ઓમપ્રકાશને પોતાના ઘરે બોલાવ્યા હતા. અહેવાલો મુજબ, બંને કિશોરોએ નવરાત્રિનો અંતિમ દિવસ હોવાને કારણે ઘરે વધુ કામ હોવાનું કહીને ખેતરમાં કામ કરવાનો ઈનકાર કર્યો. આ વાતથી ગુસ્સે ભરાયેલા વિજયે પોતાના ઘરના આંગણામાં કુહાડી વડે બંને કિશોરો પર હુમલો કરી તેમની હત્યા કરી.આ ઘટનાને અંજામ આપ્યા બાદ વિજયે પોતાની પત્ની અને બે દીકરીઓ સાથે પોતાને એક રૂમમાં બંધ કરી દીધા અને રૂમને આગ લગાવી દીધી.

**૨૮૦ મીટર ઊંચો બંધ બનાવવામાં આવી શકે** | **સરકારે અરુણાચલ પ્રદેશમાં સિઆંગ નદી પર એક વિશાળ હાઇડ્રોપાવર અને જળ-સુરક્ષા પ્રોજેક્ટનું કામ શરુ કરી દીધું**

# ચીનને ઝટકો આપવા ભારતનો મેગા પ્લાન તૈયાર ! અરુણાચલમાં બનાવશે સૌથી મોટો ડેમ

। નવીદિલ્હી, તા.૧ ।

ચીનના વિશાળ ડેમને ટક્કર આપવા ભારત સરકારે મેગા પ્લાન શરુ કરી દીધો છે. સરકારે અરુણાચલ પ્રદેશમાં સિઆંગ નદી પર એક વિશાળ હાઈડ્રોપાવર અને જળ-સુરક્ષા પ્રોજેક્ટનું કામ શરુ કરી દીધું છે. રિપોર્ટ મુજબ પ્રોજેક્ટ હેઠળ ભારતનો સૌથી મોટો અને લગભગ ૨૮૦ મીટર ઊંચો બંધ બનાવવામાં આવી શકે છે. પ્રોજેક્ટથી ૧૧૨૦૦થી ૧૧૬૦૦ મેગાવોટ વીજળી ઉત્પન્ન કરવાનો ટાર્ગેટ છે, પરંતુ તેનો મુખ્ય ઉદ્દેશ વીજ ઉત્પાદન નહીં, પરંતુ ચીનની જળ-નીતિનો જવાબ આપવાનો છે.વાસ્તવમાં ચીન તિબેટના યારલુંગ ત્સાંગપોમાં બ્રહ્મપુત્રા નદી પર વિશ્વનો સૌથી વિશાળ ડેમ બનાવી રહ્યું



છે, જેને ભારત માટે 'વોટર બોમ્બ' સમાન કહેવામાં આવી રહ્યું છે. રિપોર્ટ મુજબ જો ચીન અચાનક પાણી રોકે કે છોડે તો ભારતને મોટું નુકસાન થઈ શકે છે. જો તેઓ અચાનક પાણી છોડશે તો સિયાંગ નદીનો સંપૂર્ણ વિનાશ થઈ શકે છે. ડેમની અસર માત્ર અરુણાચલ પ્રદેશમાં જ નહીં, આસામને પણ મુશ્કેલીમાં મૂકી શકે છે. અરુણાચલમાં તૈયાર કરવામાં આવી રહેલા પ્રોજેક્ટને રાષ્ટ્રીય સુરક્ષાના પગલા તરીકે જોવામાં આવી રહી છે. અધિકારીઓનું માનવું છે કે, ચીનના વિશાળ બંધનો સામનો કરવા માટે ભારતે પણ બંધ બનાવવો જરુરી છે. જો ચીન અચાનક પાણી રોકે કે છોડે, તો ભારતે બનાવેલો બંધ પૂર કે દુષ્કાળ જેવી પરિસ્થિતિઓ પર કંટ્રોલ મેળવી શકે છે, જેથી બંધ એક સુરક્ષા કવચ સાબિત થઈ શકે છે.અરુણાચલ પ્રદેશના મુખ્યમંત્રી પેમા ખાંડુએ ચીનના બંધને વોટર બોમ્બ ગણાવ્યો છે. તેમણે એમ પણ કહ્યું છે કે, ચીનનો બંધ આદિવાસી સમાજના અસ્તિત્વ પર ખતરો ઊભો કરી શકે છે. ચીને અત્યાર સુધી કોઈપણ આંતરરાષ્ટ્રીય જળસંધિ પર હસ્તાક્ષર કર્યા નથી, જે જોખમ ઘટાડવા મામલે પારદર્શિતાનો અભાવ છે. તેમના રાજ્યના મંત્રી ઓજિંગ તેસિંગે દાવો કર્યો છે કે, લગભગ ૭૦ ટકા સ્થાનિક લોકો આ પ્રોજેક્ટના સમર્થનમાં છે, જ્યારે કેટલાક લોકોમાં અજ્ઞાનતા હોવાથી વિરોધ કરી રહ્યા છે. ચીનના વિશાળ ડેમને ટક્કર આપવા ભારત સરકારે મેગા પ્લાન શરુ કરી દીધો છે. સરકારે અરુણાચલ પ્રદેશમાં સિઆંગ નદી પર એક વિશાળ હાઈડ્રોપાવર અને જળ-સુરક્ષા પ્રોજેક્ટનું કામ શરુ કરી દીધું છે.

# ફિલિપાઈન્સમાં જોરદાર ભૂકંપથી ભારે તબાહી । અનેક ઈમારતો ધરાશાયી થતાં ૬૦ના મોત







મનિલા : ફિલિપાઈન્સમાં ૬.૯ ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યો હતો, જેના કારણે દેશના ઘણા ભાગોમાં વિનાશ સર્જાયો હતો. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે કુદરતી આફતમાં ઘણી ઈમારતો ધરાશાયી થઈ હતી જેમાં ઓછામાં ઓછા ૬૦લોકો માર્યા ગયા હતા. ભૂકંપના કેન્દ્ર અને અસરગ્રસ્ત વિસ્તારોની વિગતો હજુ પણ અસ્પષ્ટ છે, પરંતુ પ્રારંભિક અહેવાલો નોંધપાત્ર નુકસાન અને જાનહાનિની પુષ્ટિ થઈ છે. અધિકારીએ જણાવ્યું હતું કે સ્થાનિક સમય મુજબ બપોરના સમયે ઘણા વિસ્તારોમાં જોરદાર ભૂકંપ અનુભવાયા હતા, જેના કારણે ગભરાટ ફેલાયો હતો અને લોકો તેમના ઘરો અને ઓફિસોમાંથી બહાર દોડી જવા મજબૂર થયા હતા. ભૂકંપ એટલો તીવ્ર હતો કે ઘણી ઈમારતો, ખાસ કરીને જૂની ઈમારતો સંપૂર્ણપણે ધરાશાયી થઈ ગઈ હતી, જેના કારણે ઘણા લોકો કાટમાળ નીચે ફસાઈ ગયા હતા. ફિલિપાઈન્સના ડિઝાસ્ટર મેનેજમેન્ટ અધિકારીઓએ તાત્કાલિક બચાવ અને રાહત કામગીરી શરૂ કરી દીધી છે. કાટમાળમાં ફસાયેલા લોકોને બચાવવા માટે બચાવ ટીમો દિવસ-રાત કામ કરી રહી છે. ઘણા લોકો હજુ પણ ગુમ હોવાથી મૃત્યુઆંક વધવાની આશંકા છે. ઘાયલોને નજીકની હોસ્પિટલોમાં લઈ જવામાં આવ્યા છે, જ્યાં તબીબી ટીમો સારવાર આપી રહી છે. એક વરિષ્ઠ ડિઝાસ્ટર મેનેજમેન્ટ અધિકારીએ જણાવ્યું હતું કે, "૬.૯ ની તીવ્રતાનો ભૂકંપ અત્યંત શક્તિશાળી હતો.

## સોહમ શાહની તુમ્બાડ-ટુમાં કંગના રણૌતની પણ એન્ટ્રી




। મુંબઇ, તા.૧ ।

સોહમ શાહની 'તુમ્બાડ ટુ'માં એક મહત્વની ભૂમિકા માટે કંગના રણૌતની એન્ટ્રી થઈ હોવાનું કહેવાય છે. સોહમ શાહ ખુદ આ ફિલ્મનું દિગ્દર્શન કરવાનો છે. આ વખતે ફિલ્મનું બજેટ વધારીને ૧૫૦ કરોડ કરવામાં આવ્યું હોવાથી તે ફિલ્મને દરેક રીતે ભવ્ય બનાવવા પ્રયાસ કરી રહ્યો છે. આ વખતે તેણે ફિલ્મનો સઘળો ભાર એકલા હાથે ખેંચવાને બદલે કંગના સહિતના કલાકારો પર પણ મદાર રાખવાનું નક્કી કર્યું છે. ઉલ્લેખનીય છે કે કંગના અને આર માધવનની 'તનુ વેડ્સ મનુ થ્રી' પ્રોડ્યૂસર અને ડાયરેક્ટર વચ્ચે કોપીરાઈટના ઝઘડાના કારણે અટકી પડી છે. આ સંજોગોમાં કંગનાએ આ ફિલ્મની ઓફર સ્વીકારી હોવાનું કહેવાય છે. જોકે, આ મુદ્દે કોઈ અધિકૃત જાહેરાત કરાઈ નથી. સોહમ શાહની 'તુમ્બાડ ટુ'માં એક મહત્વની ભૂમિકા માટે કંગના રણૌતની એન્ટ્રી થઈ હોવાનું કહેવાય છે. સોહમ શાહ ખુદ આ ફિલ્મનું દિગ્દર્શન કરવાનો છે. આ વખતે ફિલ્મનું બજેટ વધારીને ૧૫૦ કરોડ કરવામાં આવ્યું હોવાથી તે ફિલ્મને દરેક રીતે ભવ્ય બનાવવા પ્રયાસ કરી રહ્યો છે. આ વખતે તેણે ફિલ્મનો સઘળો ભાર એકલા હાથે ખેંચવાને બદલે કંગના સહિતના કલાકારો પર પણ મદાર રાખવાનું નક્કી કર્યું.

### સાત વર્ષમાં પહેલી વખત આવી સ્થિતિ

## અમેરિકામાં શટડાઉન, સરકારી કામકાજ ઠપ, ટ્રમ્પને જરૂર કરતાં ઓછા વોટ મળ્યાં

**દરમિયાન બિનજરૂરી વિભાગોમાં કામકાજ બંધ રહેશે અને હજારો સરકારી કર્મચારીઓએ ૩૫ દિવસ સુધી પગાર વિના કામગીરી કરવી પડશે । સાંસદો દ્વારા સ્ટોપગેપ ફન્ડિંગને મંજૂરી આપવામાં આવશે**

। વોશિંગ્ટન, તા.૧ ।

અમેરિકા ફરી એકવાર સરકારી શટડાઉન લાગુ થઈ ગયું છે. સાત વર્ષમાં આ પહેલીવાર છે જ્યારે અમેરિકામાં કોઈ સરકાર સામે આવી સ્થિતિ સર્જાઇ છે. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના પક્ષને સેનેટમાં કામચલાઉ ફન્ડિંગ બિલ પસાર કરાવવા માટે ઓછામાં ઓછા ૬૦ મતોની જરૂર હતી, પરંતુ ફક્ત ૫૫ મત જ મળતાં મુશ્કેલી વધી ગઈ. એટલે કે આ પ્રસ્તાવ અટવાઈ ગયો. બુધવારથી જ અમેરિકામાં સંઘીય સરકારની કામગીરી ખોરવાઈ ગઈ હતી. કેમ કે ડેમોક્રેટ્સ દ્વારા શોર્ટ ટર્મ ફન્ડિંગ બિલને અટકાવી દેવામાં આવ્યો હતો. ૨૦૧૮ બાદ પહેલીવાર છે જ્યારે ફરી એકવાર અમેરિકામાં શટડાઉનની સ્થિતિ આવી રહી છે. આ દરમિયાન બિનજરૂરી વિભાગોમાં કામકાજ બંધ રહેશે અને હજારો સરકારી કર્મચારીઓએ ૩૫ દિવસ સુધી પગાર વિના કામગીરી કરવી પડશે. તેમને ત્યારબાદ જ પગાર મળતો થઈ શકશે જ્યારે સાંસદો દ્વારા સ્ટોપગેપ ફન્ડિંગને મંજૂરી આપવામાં આવશે. હવે અમેરિકાના સૈન્ય કર્મચારીઓ સહિત જરૂરી વિભાગોના કર્મચારીઓએ પગાર વિના કામ કરવું પડશે અને બિનજરૂરી સરકારી કર્મચારીઓએ રજા પર મોકલી




દેવાશે. એક અંદાજ પ્રમાણે ૭૫૦૦૦૦ સરકારી કર્મચારીઓને અસ્થાયીરૂપે રજા પર મોકલવામાં આવી શકે છે. તેનો સીધો અર્થ એ છે કે સરકાર પાસે હવે જરૂરી ફન્ડિંગનું વિસ્તરણ નથી અને ઘણા સરકારી કામકાજ ઠપ થઈ ગયા છે.. અમેરિકાના કાયદા હેઠળ જ્યાં સુધી બજેટ કે કામચલાઉ ફન્ડિંગ બિલ પાસ નહીં થાય ત્યાં સુધી બિન જરૂરી સરકારી વિભાગ અને સેવાઓ બંધ કરવામાં આવે છે. આ સ્થિતિને જ શટડાઉન કહેવાય છે. આ દરમિયાન એવા અનેક સરકારી કર્મચારીઓ હશે જેમને પગાર વિના જ ઘરે મોકલી દેવામાં આવશે. છેલ્લા બે દાયકામાં આ પાંચમી વખત છે જ્યારે અમેરિકામાં મોટા શટડાઉનની સ્થિતિ સર્જાઈ છે. અગાઉ રિપબ્લિકને સરકાર માટે ૨૧ નવેમ્બર સુધીનું ટૂંકા ગાળા માટેનું ફન્ડિંગ બિલ પાસ કરી આપ્યું હતું. જોકે ડેમોક્રેટ્સનું કહેવું છે કે તે પૂરતું નથી. તેઓ ઈચ્છે છે કે ડોનાલ્ડ ટ્રમ્પના ઉનાળાના મેગા-બિલમાં મેડિકેડ કાપને ઉલટાવી દેવામાં આવે અને એફોર્ડેબલ કેર એક્ટમાંથી મુખ્ય ટેક્સ ક્રેડિટ્સનો વિસ્તાર કરવામાં આવે. જોકે રિપબ્લિકન્સે આ માગ ફગાવી દીધી છે. કોઈપણ પક્ષ આ મામલે પીછેહઠ માટે તૈયાર ન હોવાથી સ્થિતિ સંકટજનક બની ગઈ છે.સાત વર્ષમાં આ પહેલી વાર બનશે જ્યારે ફન્ડિંગના અભાવે અમેરિકામાં ઘણી સેવાઓ પ્રભાવિત થઈ છે.

### રશિયાના હવાઇ હુમલાના ભયને ધ્યાનમાં રાખીને

## રશિયાનો મુકાબલો કરવા યુરોપ સાથે વાયુ રક્ષા પ્રણાલી તૈયાર કરવાનો ઝેલેંસ્કીનો પ્રસ્તાવ

**ઝેલેંસ્કીએ કહ્યું હતું કે યુક્રેન રશિયાના તમામ પ્રકારના ડ્રોન વિમાનો અને મિસાઇલોનો મુકાબલો કરી શકે છે**

। વર્શાવા, તા.૧ ।

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર જેલેંસ્કીએ રશિયાના હવાઈ હુમલાના ભયને ધ્યાનમાં રાખીને યુરોપ સાથે એક અભેદ વાયુરક્ષા પ્રણાલી તૈયાર કરવાનું આહ્વવાન કર્યુ છે. આ અંગે ઝેલેંસ્કીએ પોલેન્ડના વર્સાવામાં આયોજીત એક સુરક્ષા મંચને ઓનલાઈન સંબોધન કર્યુ હતું. પોલેન્ડ અને અન્ય યુરોપીય દેશોના વાયુ ક્ષેત્રમાં તાજેતરમાં રશિયાની ઘૂસપેઠનો ઉલ્લેખ કરતા રશિયાના સંભવિત હવાઈ હુમલાને ધ્યાનમાં રાખીને એક સંયુકત અને ખૂબજ વિશ્વસનીય કવત તૈયાર કરવાનો પ્રસ્તાવ રાખ્યો હતો. ઝેલેંસ્કીએ કહયું હતું કે યુક્રેન રશિયાના તમામ પ્રકારના ડ્રોન વિમાનો અને મિસાઈલોનો મુકાબલો કરી શકે છે આના માટે બધાએ સાથે મળીને કામ કરવું જરુરી છે. બધા સાથે મળીશું તો વાયુ રક્ષા પ્રણાલી માટે પુરતા પ્રમાણમાં શસ્ત્રોની ઉત્પાદન ક્ષમતામાં વધારો થશે. અત્રે ઉલ્લેખનીય છે કે રશિયા અને યુક્રેન વચ્ચેના યુધ્ધને રોકવા માટે અગાઉ અનેક શાંતિ પ્રસ્તાવ મુકાયા છે પરંતુ તેનો ગ્રાઉન્ડ પર અમલ થઈ શકયો નથી.ખાસ કરીને રશિયા પોતે જીતેલા વિસ્તારો માટે નમતું જોખવા તૈયાર નથી. ઝેલેંસ્કી ઈચ્છે છે કે રશિયન દળો યુક્રેનમાંથી ખસીને પોતાની હદમાં જતા રહે તો જ કાયમી અને ટકાઉ શાંતિ શકય બનશે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પણ રશિયા-યુક્રેન લડાઈ અટકાવવા માટે પ્રયાસ કરી ચુકયા છે પરંતુ સફળતા મળી નથી. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર જેલેંસ્કીએ રશિયાના હવાઈ હુમલાના ભયને ધ્યાનમાં રાખીને યુરોપ સાથે એક અભેદ વાયુરક્ષા પ્રણાલી તૈયાર કરવાનું આહ્વવાન કર્યુ છે. આ અંગે ઝેલેંસ્કીએ પોલેન્ડના વર્સાવામાં આયોજીત એક સુરક્ષા મંચને ઓનલાઈન સંબોધન કર્યુ હતું. પોલેન્ડ અને અન્ય યુરોપીય દેશોના વાયુ ક્ષેત્રમાં તાજેતરમાં રશિયાની ઘૂસપેઠનો ઉલ્લેખ કરતા રશિયાના સંભવિત હવાઈ હુમલાને ધ્યાનમાં રાખીને એક સંયુકત અને ખૂબજ વિશ્વસનીય કવત તૈયાર કરવાનો પ્રસ્તાવ રાખ્યો હતો. ઝેલેંસ્કીએ કહયું હતું કે યુક્રેન રશિયાના તમામ પ્રકારના ડ્રોન વિમાનો અને મિસાઈલોનો મુકાબલો કરી શકે છે આના માટે બધાએ સાથે મળીને કામ કરવું જરુરી છે. બધા સાથે મળીશું તો વાયુ રક્ષા પ્રણાલી માટે પુરતા પ્રમાણમાં શસ્ત્રોની ઉત્પાદન ક્ષમતામાં વધારો થશે.

## નિતાશી ગોયલને આનંદ દેવરકોંડા સાથે ફિલ્મ મળી



। મુંબઇ, તા.૧ ।

'લાપત્તા લેડીઝ' ફિલ્મથી રાતોરાત પ્રસિદ્ધ થઈ ગયેલી નિતાંશી ગોયલને એક પછી એક ફિલ્મોની ઓફર થઈ રહી છે. હવે તેને સાઉથની એક ફિલ્મ ઓફર થઈ છે. આ ફિલ્મમાં વિજય દેવરકોંડાનો ભાઈ આનંદ દેવરકોંડા તેનો હિરો હશે. આ ફિલ્મને પાન ઈન્ડિયા ફિલ્મ ગણાવાઈ રહી છે. તેનું શૂટિંગ આવતા મહિનેથી શરુ કરાશે. નિતાંશી અને આનંદ બંને સમગ્ર ભારતના ઓડિયન્સ માટે એક ફ્રેશ જોડી બની શકે તેમ હોવાથી તેમને પસંદ કરાયાં છે. નિતાંશીને આ બીજી મોટી ફિલ્મ મળી છે. અગાઉ તેને અભય વર્મા સાથે એક રોમાન્ટિક ફિલ્મ માટે પણ સાઈન કરવામાં આવી હોવાનું કહેવાય છે. જોકે, નિતાંશીએ હજુ સુધી પોતાની આગામી ફિલ્મો વિશે સત્તાવાર રીતે કશું જ જણાવ્યું નથી. 'લાપત્તા લેડીઝ' ફિલ્મથી રાતોરાત પ્રસિદ્ધ થઈ ગયેલી નિતાંશી ગોયલને એક પછી એક ફિલ્મોની ઓફર થઈ રહી છે. હવે તેને સાઉથની એક ફિલ્મ ઓફર થઈ છે. આ ફિલ્મમાં વિજય દેવરકોંડાનો ભાઈ આનંદ દેવરકોંડા તેનો હિરો હશે. આ ફિલ્મને પાન ઈન્ડિયા ફિલ્મ ગણાવાઈ રહી છે. તેનું શૂટિંગ આવતા મહિનેથી શરુ કરાશે. નિતાંશી અને આનંદ બંને સમગ્ર ભારતના ઓડિયન્સ માટે એક ફ્રેશ જોડી બની શકે તેમ હોવાથી તેમને પસંદ કરાયાં છે. નિતાંશીને આ બીજી મોટી ફિલ્મ મળી છે. અગાઉ તેને અભય વર્મા સાથે એક રોમાન્ટિક ફિલ્મ માટે પણ સાઈન કરવામાં આવી હોવાનું કહેવાય છે.

## પરેશ રાવલની ફિલ્મમાં તાજમહેલમા ભગવાન શિવ દેખાડાતાં વિવાદ

। મુંબઈ, તા.૧ ।

પરેશ રાવલની ફિલ્મ 'ધી તાજ સ્ટોરી' રીલિઝ પહેલાં જ વિવાદમાં ફસાઈ ગઈ છે. આ ફિલ્મનાં ટીઝરમાં તાજમહેલના ગુંબજમાંથી ભગવાન શિવ પ્રગટ થતા હોય તેવું દર્શાવાયું છે. આ સમગ્ર બાબતે લોકોએ આકરો વિરોધ કર્યો છે. સોશિયલ મીડિયા પર લોકોએ ગુસ્સો વ્યક્ત કરતાં પરેશ રાવલ દ્વારા ખુલાસો પણ કરાયો હતો કે આ ફિલ્મમાં કોઈ ધાર્મિક બાબતનો સંદર્ભ નથી. આ ફિલ્મ સંપૂર્ણપણે ઐતિહાસિક તથ્ય આધારિત છે. તાજમહેલની અંદર શિવમંદિર મોજુદ હોવાના દાવા સાથે પણ આ ફિલ્મને કોઈ સંબંધ નથી તેવું આ ખુલાસામાં જણાવાયું છે. જોકે, પરેશ રાવલ સહિત ફિલ્મ નિર્માતાઓના ખુલાસા છતાં પણ લોકોનો ગુસ્સો શાંત પડયો ન હતો. કેટલાય લોકોએ લખ્યું હતું કે જે બાબત ઐતિહાસિક રીતે પ્રમાણિત નથી અને માત્ર ચર્ચાઓ પર આધારિત છે તેનો આધાર લઈ રાષ્ટ્રીય મહત્વની ઈમારતો બાબતે આવાં ચેડાં કરવાં ન જોઈએ. ઉલ્લેખનીય છે કે પી એન ઓક નામના એક લેખકે વર્ષો પહેલાં દાવો કર્યો હતો કે તાજમહેલ વાસ્તવમાં તેજો મહાલય નામનું મંદિર હતું. જોકે, આ દાવાની સત્યતા અંગે અનેક વાદવિવાદ થઈ ચૂક્યા છે પરેશ રાવલની ફિલ્મ 'ધી તાજ સ્ટોરી' રીલિઝ પહેલાં જ વિવાદમાં ફસાઈ ગઈ છે.

## અમેરિકાને ખુશ કરવા તૂર્કિયે પાકિસ્તાનને આપશે ઝટકો । ભારતને રશિયાથી ખરીદેલી એસ-૪૦૦ આપશે!

। અંકારા, તા.૧ ।

શું પાકિસ્તાનને કાશ્મીર સહિત દરેક મુદ્દે સમર્થન આપતું તૂર્કિયે હવે દગાબાજી પર ઉતરી આવ્યુ છે? તુર્કીને રશિયા પાસેથી મળેલી એસ-૪૦૦ મિસાઈલ સિસ્ટમ હવે ભારતને આપશે. વાસ્તવમાં આ વાત તૂર્કિયેના એક મીડિયા રિપોર્ટથી નીકળી છે, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે, રશિયાએ ૨૦૧૯માં તૂર્કિયેને આપેલી જમીનથી હવામાં પ્રહાર કરતી એસ-૪૦૦ મિસાઈલ સિસ્ટમ પાછી ખરીદવાની ઓફર કરી છે. રશિયાએ તેને ભારત સહિત અન્ય દેશોને વેચવાની ઓફર કરી હોવાના અહેવાલ છે. એક અહેવાલમાં આ દાવો કરવામાં આવ્યો છે.અહેવાલ પ્રમાણે તૂર્કિયે કથિત રીતે ફાઈટર જેટ, ડ્રોન અને મિસાઈલોને શોધી કાઢવા, તેને ટ્રેક કરવા અને નષ્ટ કરવામાં સક્ષમ લાંબા અંતરની સિસ્ટમને લઈને અમેરિકા સાથે પોતાના વિવાદનો અંત આણવા માંગે છે. આ સિસ્ટમનું સ્થાન લેવા માટે તૂર્કિયે ખુદ એક ડિફેન્સ સિસ્ટમ વિકસાવી રહ્યું છે. આવી સ્થિતિમાં તે રશિયન ડિફેન્સ સિસ્ટમ પોતાની પાસે રાખીને અમેરિકાને નારાજ કરવા નથી માગતું. મીડિયાએ વધુમાં જણાવ્યું કે અંકારા હજુ પણ એસ-૪૦૦ ડિફેન્સ સિસ્ટમનો એક્ટિવપણે ઉપયોગ નથી કરતું. આ સાથે જ તેને ક્યારેય ઉત્તર એટલાન્ટિક સંધિ સંગઠન માં સામેલ કરવામાં નથી આવ્યું. તુર્કીની મોટાભાગની મિસાઈલો પણ પોતાની અડધી લાઈફ પૂરી કરી ચૂકી છે, જેના કારણે તેમના જાળવણી ખર્ચ એક મોટો બોજ બની ગયો છે. બીજી તરફ અહેવાલમાં કેટલાક ભારતીય મીડિયાના હવાલે એ સૂચવ્યું હતું કે, આ સોદાના પરિણામે ભારતને પોતાની એસ-૪૦૦ ડિફેન્સ સિસ્ટમ મળી શકે છે, જેને રશિયા પહેલા અપગ્રેડ કરશે.

### અમેરિકા અને તાઈવાન વચ્ચે વેપાર તણાવ

**ચેંગ લી-ચ્યુન તાઈવાનના મુખ્ય ટેરિફ વાટાઘાટકાર પણ છે.ચેંગે સ્પષ્ટ કરી દીધું કે '૫૦-૫૦ ચિપ ઉત્પાદન વિભાજનનો વિચાર માત્ર અમેરિકાનો છે અને તાઈવાને ક્યારેય આ દિશામાં કોઈ પ્રતિબદ્ધતા નથી આપી**

## યુએસને નાનકડાં દેશે અરીસો બતાવ્યો ૫૦% ચિપ ઉત્પાદનવાળી માગ ફગાવી આપ્યો ઝટકો

। તાઈપેઈ, તા.૧ ।

વૈશ્વિક સેમિકન્ડક્ટર ઉદ્યોગમાં અમેરિકાની દબંગાઈને નાનકડા દેશ તાઈવાને અરીસો બતાવ્યો છે. તાઈવાને સ્પષ્ટ કરી દીધું છે કે અમે અમેરિકાના આ પ્રસ્તાવનો સ્વીકાર નહીં કરીશું, જેમાં કહેવામાં આવ્યું હતું કે, તાઈવાન પોતાના ૫૦% સેમિકન્ડક્ટર ઉત્પાદને અમેરિકન ભૂમિ પર શિફ્ટ કરે. તાઈવાનના નાયબ વડા પ્રધાન ચેંગ લી-ચ્યુને બુધવારે આ નિવેદન આપ્યું હતું. ચેંગ લી-ચ્યુન તાઈવાનના મુખ્ય ટેરિફ વાટાઘાટકાર પણ છે.ચેંગે સ્પષ્ટ કરી દીધું કે '૫૦-૫૦ ચિપ ઉત્પાદન વિભાજનનો વિચાર માત્ર અમેરિકાનો છે અને તાઈવાને ક્યારેય આ દિશામાં કોઈ પ્રતિબદ્ધતા નથી આપી. હું સ્પષ્ટ કરવા માગુ છું કે આ અમેરિકાનો વિચાર છે. અમારી વાટાઘાટ ટીમે ક્યારેય આવી કોઈ પણ બાબત પર સહમતિ નથી આપી. કૃપા કરી નિશ્ચિંત રહો, અમે આ મુદ્દા પર કોઈ ચર્ચા નથી કરી અને આવી કોઈ શરતો સ્વીકારીશું નહીં.'ચેંગ તાજેતરમાં વોશિંગ્ટનથી પરત ફર્યા છે, જ્યાં તેમણે અમેરિકન ટેરિફ પર વાટાઘાટ કરી હતી. તેમણે કહ્યું કે વાટાઘાટોમાં કેટલીક પ્રગતિ થઈ છે, પરંતુ હજુ સુધી અંતિમ કરાર નથી થયો. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ



ટ્રમ્પના વહીવટીતંત્રે તાઈવાનથી આવતા સેમિકન્ડક્ટર્સ પર અસ્થાયી રૂપે ૨૦% ટેરિફ લગાવ્યો છે. આ પગલાથી તાઈવાનના ઉદ્યોગ ગજતમાં ચિંતા વધી છે. ટ્રમ્પે એ પણ ચેતવણી આપી છે કે અમે સેમિકન્ડક્ટર્સ પર મોટો ટેરિફ લગાવવા પર વિચાર કરી રહ્યા છીએતાજેતરના મહિનાઓમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (છેં) ટેકનોલોજીની માગમાં મોટો ઉછાળો આવ્યો છે. જેના કારણે તાઈવાન અને અમેરિકા વચ્ચે વેપાર ખાધ વધુ વધી છે. અમેરિકન ડેટા પ્રમાણે તાઈવાનની યુએસમાં થતી ૭૦ ટકાથી વધુ નિકાસ માહિતી અને સંદેશાવ્યવહાર ટેકનોલોજી (ૈંઝ્ર) ક્ષેત્ર સાથે સંબંધિત છે, જેમાં ચિપ્સ પણ સામેલ છે. આ દબાણને ઘટાડવા માટે તાઈવાને અમેરિકામાં વધુ રોકાણ કરવા, વધુ અમેરિકન ઊર્જા ખરીદવા અને તેના સંરક્ષણ ખર્ચને જીડ્ઢઁના ત્રણ ટકાથી વધુ વધારવાનો વાયદો કર્યો છે. તાઈવાન વર્તમાનમાં વિશ્વના ૫૦ ટકાથી વધુ સેમિકન્ડક્ટર બનાવે છે, જેમાં લગભગ તમામ ઉચ્ચ-ટેક ચિપ્સનું સંપૂર્ણ ઉત્પાદન તે જ કરે છે. તેને લાંબા સમયથી તાઈવાનનું "સિલિકોન શીલ્ડ" માનવામાં આવે છે. આ એક એવી વ્યૂહાત્મક ઢાલ છે જે ચીન દ્વારા આક્રમણ અથવા નાકાબંધીની સ્થિતિમાં અમેરિકાને તાઈવાનની સુરક્ષામાં સામેલ થવા માટે મજબૂર કરે છે અમેરિકન વાણિજ્ય સચિવ હાવર્ડ લુટનિકે તાજેતરમાં જ એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, 'તાઈવાનનું ૫૦% ચિપ ઉત્પાદન અમેરિકામાં થવું જોઈએ.

### ટ્રમ્પને વધુ એક ઝટકો

**ભારતમાં બે-ત્રણ વર્ષમાં વિદેશી કંપનીઓના ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સની સંખ્યામાં ૬૦ ટકાનો વધારો થવાની નિષ્ણાતોની આગાહી**

## અમેરિકા સ્થિત ૧૭૦૦ કંપનીઓ ભારતમાં સ્થળાંતર કરશે

। નવીદિલ્હી,તા.૧ ।

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર ૫૦ ટકા જેટલો જંગી ટેરિફ નાંખ્યા પછી વિદેશી પ્રોફેશનલ્સ માટેના એચ-૧બી વિઝા પરની ફી વધારીને ૧ લાખ ડોલર કરી દીધી છે. ટ્રમ્પના આ નિર્ણયથી ભારતીયોને સૌથી મોટો ફટકો પડયો છે, કારણ કે અમેરિકન કંપનીઓમાં કામ કરતા ૭૦ ટકા પ્રોફેશનલ્સ ભારતીય છે. જોકે, નિષ્ણાતોનું માનવું છે કે ટ્રમ્પના પ્રતિબંધોના કારણે ભારતને નુકસાન જવાના બદલે ફાયદો વધુ થયો છે. ટ્રમ્પે એચ-૧બી વિઝા ફીમાં જંગી વધારો કરતા ૧૭૦૦ જેટલી અમેરિકન કંપીઓ તેમના ઓફશોરિંગ ઓપરેશન્સ માટે




ભારત તરફ વળી રહી છે. તે ભારતમાં સ્થિત ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સનો લાભ ઉઠાવી રહી છે.ટ્રમ્પ સરકારે આ મહિનાની શરૂઆતમાં એક્ઝિક્યુટિવ આદેશ પર હસ્તાક્ષર કરીને વિદેશમાંથી આયાત કરાતા પ્રતિભાશાળી પ્રોફેશનલ્સ માટેની એચ-૧બી વિઝા અરજીઓ પરની ફી ૧,૫૦૦-૪,૦૦૦ ડોલરથી ૭૦ ગણી વધારીને ૧ લાખ ડોલર કરી નાંખી છે. ટ્રમ્પ સરકારે અમેરિકનોની નોકરીઓ આંચકી લેવાતી હોવાનો અને રાષ્ટ્રીય સુરક્ષાનો દાવો કરીને એચ-૧બી વિઝા ફીમાં વધારો કર્યો હતો. જોકે, ટ્રમ્પનો આ નિર્ણય અમેરિકા માટે લાભદાયકના બદલે નુકસાનકારક બની શકે છે. નિષ્ણાતોનું માનવું છેકે ભારતમાં ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ (જીસીસી)માં તીવ્ર ઊછાળો આવી રહ્યો છે. અમેરિકન કંપનીઓ આટી પ્રોફેશનલ્સ પાસેથી અમેરિકામાં કામ કરાવવાના બદલે ઓફશોર સ્કેલિંગનો નવો રસ્તો અપનાવી રહી છે. મેકકિન્સે અને એએનએસઆર જેવી કંપનીઓનું માનવું છે કે આગામી બેથી ત્રણ વર્ષમાં ભારતમાં જીસીસીની સંખ્યામાં ૬૦ ટકાનો વધારો થઈ શકે છે.કોઈપણ બહુરાષ્ટ્રીય કંપનીઓ પોતાના મુખ્યાલય સિવાય ભારત સહિત અન્ય દેશોમાં ઓફશોર ઓફિસો ધરાવતી હોય છે. અગાઉ બહુરાષ્ટ્રીય કંપનીઓ આઈટી સપોર્ટ, કસ્ટમર સર્વિસ, એકાઉન્ટિંગ, બેક ઓફિસ જેવા કામ આઉટસોર્સ કરતી હતી. એટલે કે ટીસીએસ, ઈન્ફોસિસ, વિપ્રો જેવી થર્ડ-પાર્ટી કંપનીને કામ આપતી હતી. પરંતુ હવે કંપનીઓ વિદેશમાં પોતાની જ ઓફિસો ખોલવાનું વલણ અપનાવી રહી છે, જેથી કંપનીઓ વિદેશી પ્રોફેશનલ્સને એચ-૧બી વિઝા મારફત અમેરિકામાં બોલાવવાના બદલે ભારતમાં જ સ્થાનિક ટેલેન્ટને હાયર કરી શકશે.જીસીસી કંપનીઓનું એવું મોડેલ છે, જેમાં તેઓ આઉટસોર્સિંગ પર ખર્ચ કરવાના બદલે ભારત જેવા પ્રતિભાઓથી સમૃદ્ધ દેશોમાં સીધા જ પોતાની ઓફિસો ખોલશે.

### મોહન પારગીને અમરેલીથી ઝડપી પાડવામાં આવ્યો

## ગાંધીનગરમાં મહિલા પોલીસકર્મીના હત્યા કેસમાં મોટો ખુલાસો I પરિણીત પ્રેમી જ નીકળ્યો હત્યારો

I પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧ I

અમદાવાદના શાહીબાગ પોલીસ હેડક્વાર્ટરમાં ફરજ બજાવતી અને ગાંધીનગરમાં રહેતી મહિલા પોલીસકર્મી રિંકલ વણઝારાની હત્યાનો ભેદ ઉકેલાયો છે. લગ્ન સંબંધને લઈને થયેલી તકરારમાં તેના જ પરિણીત પ્રેમી મોહન પારગીએ ગળું દબાવીને તેની હત્યા કરી હોવાનું સામે આવ્યું છે. મોહન પારગીને અમરેલીથી ઝડપી પાડવામાં આવ્યો છે.આ અંગે ગાંધીનગર જિલ્લા પોલીસ વડા રવિતેજા વાસમ શેટ્ટીએ પત્રકાર પરિષદ યોજીને વિગતો આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, પોલીસકર્મી રિંકલ વણઝારાની હત્યા ગળું દબાવીને કરવામાં આવી હતી. આ હત્યા તેના પરિચિત મોહન પારગીએ જ કરી હોવાનું તપાસમાં ખુલ્યું છે.ગાંધીનગરમાં મહિલા પોલીસકર્મીના હત્યા કેસમાં મોટો ખુલાસો, પરિણીત પ્રેમી જ નીકળ્યો



હત્યારો પોલીસ અધિક્ષક રવિતેજા વાસમ શેટ્ટીએ વધુમાં જણાવ્યું હતું કે, રિંકલ વણઝારા અને મોહન પારગી કોલેજ સમયથી એકબીજાને ઓળખતા હતા અને તેમના વચ્ચે છેલ્લા ૧૫ વર્ષથી અંગત સંબંધો હતા. મોહન પારગી પરિણીત છે અને તેને ૪ વર્ષનું બાળક પણ છે.

૨૦૧૫માં તેના લગ્ન થયા હતા. રિંકલ મોહન સાથે લગ્ન કરવા માટે દબાણ કરી રહી હતી, પરંતુ મોહન લગ્ન કરવા તૈયાર નહોતો. આ બાબતે બંને વચ્ચે માથાકૂટ થઈ હતી, જેના પગલે મોહને રિંકલની હત્યા કરી નાખી હતી.હત્યા બાદ મોહન પારગી ગાંધીનગરથી ફરાર થઈને તેના વતન અમરેલી ભાગી ગયો હતો. ગાંધીનગર પોલીસે અમરેલી પોલીસની મદદથી મોહનને ઝડપી પાડ્યો છે. મોહન પારગી એક ખાનગી કંપનીમાં મેનેજર તરીકે નોકરી કરતો હતો. પોલીસે હાલ તેની ધરપકડ કરીને વધુ પૂછપરછ હાથ ધરી છે. પીએમ રિપોર્ટ આવ્યા બાદ શારિરીક સંબંધ અંગેની માહિતી બહાર આવશે તેમ એસ.પી.એ જણાવ્યું હતું.આ ઉપરાંત, પોલીસ અધિક્ષક રવિતેજા વાસમ શેટ્ટીએ લવ જેહાદના એક કેસ વિશે પણ માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, છત્રાલનો ૨૨ વર્ષનો રફીક નામનો યુવક ૧૬ વર્ષની એક સગીરાને ભગાડી ગયો હતો. પોલીસે ટેકનિકલ સર્વેલન્સની મદદથી તેનું લોકેશન પહેલા મુંબઈ અને ત્યારબાદ ઉત્તર પ્રદેશનું મળ્યું હતું.

### રાજ્યના ખેડૂતો પાસેથી વિવિધ ખરીફ પાકોની લઘુતમ ટેકાના ભાવે ખરીદી કરાશે

## ૧ નવેમ્બરથી ડાંગર, બાજરી, જુવાર, સહિતની લઘુતમ ટેકાના ભાવે ખરીદી કરાશે

### કૃષિ પાકોની ટેકાના ભાવે ખરીદી ૧ નવેમ્બર ૨૦૨૫થી ૩૦ જાન્યુઆરી ૨૦૨૬ સુધી કરવામાં આવશે

I પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૧ I

રાજ્યના ખેડૂતો પાસેથી વિવિધ ખરીફ પાકોની લઘુતમ ટેકાના ભાવે ખરીદી કરાશે. જેમાં રાજ્યના નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ દ્વારા ખેડૂતોને તેઓના પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ખરીફ માર્કેટીંગ સીઝન ૨૦૨૫- ૨૬માં લઘુતમ ટેકાના ભાવે ડાંગર, બાજરી, જુવાર, રાગી અને મકાઈની સીધી ખરીદી કરવામાં આવશે.

લઘુતમ ટેકાના ભાવે ખરીદી માટે આ વર્ષે ડાંગર-કોમન માટે રૂ. ૨૩૬૯ પ્રતિ ક્વિન્ટલ, ગ્રેડ-એ ડાંગર માટે રૂ. ૨૩૮૯ પ્રતિ ક્વિ., મકાઈ રૂ. ૨,૪૦૦ પ્રતિ ક્વિ., બાજરી રૂ.૨,૭૭૫ પ્રતિ ક્વિ., જુવાર-હાઈબ્રીડ રૂ. ૩,૬૯૯ પ્રતિ ક્વિ., જુવાર –માલદંડી રૂ.૩,૭૪૯ પ્રતિ ક્વિ. તથા રાગી માટે રૂ. ૪,૮૮૬ પ્રતિ ક્વિન્ટલની કિંમત નક્કી કરવામાં આવી છે. આ ઉપરાંત બાજરી,જુવાર તથા રાગીમાં ટેકાના ભાવ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા પ્રતિ ક્વિન્ટલ રૂ.૩૦૦નું બોનસ પણ આપવામાં આવશે. લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છતા ખેડૂતોએ ઓનલાઈન નોંધણી કરાવાની રહેશે. જેમાં સ્થાનિક ગ્રામ્ય કક્ષાએ ફઝઈ મારફતે તેમજ તાલુકા કક્ષાએ નિગમના ગોડાઉન ખાતે આવતીકાલ ૧થી ૩૧ ઑકટોબર ૨૦૨૫ સુધી ખેડૂત




ખાતેદારના બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન દ્વારા જ નોંધણી કરવામાં આવશે. આ કૃષિ પાકોની ટેકાના ભાવે ખરીદી ૧ નવેમ્બર ૨૦૨૫થી ૩૦ જાન્યુઆરી ૨૦૨૬ સુધી કરવામાં આવશે. નોંધણી માટે જરૂરી પુરાવા જેવા કે, આધાર કાર્ડની નકલ, અદ્યતન ગામ નમૂનો ૭, ૧૨, ૮-અ ની નકલ, ગામ નમૂના ૧૨માં પાક વાવણી અંગે નોંધ ના થઈ હોય તો પાકની વાવણી અંગેનો તલાટીના સહી સિક્કા સાથેનો દાખલો, ખેડૂતના નામના બૅંક ખાતાની વિગત જેમ કે બૅંક પાસબુકની નકલ અથવા કેન્સલ ચેકની નકલ સાથે લાવવાની રહેશે. રાજ્યના જે ખેડૂતો તેઓનો પાક લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છુક હોય તેઓએ ઓનલાઈન નોંધણી કરાવવી ફરજિયાત છે, જે માટે સંબંધિત ગ્રામપંચાયતનો સંપર્ક કરી નોંધણી કરાવવા ખેડૂત મિત્રોને નિગમ દ્વારા ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે.

### ખેડૂત ખાતેદારના બાયોમેટ્રિક ઓથોન્ટીકેશન દ્વારા જ જથ્થો ખરીદ કરવામાં આવશે

વધુમાં ટેકાના ભાવે ખરીદી માટે નોંધણી કરાવેલ ખેડૂતોને SMS મારફતે ખરીદી અંગેની જાણ કરવામાં આવશે. ખરીદી સમયે ખેડૂતે પોતાનું આધારકાર્ડ/ ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે. ખેડૂત ખાતેદારના બાયોમેટ્રિક ઓથોન્ટીકેશન દ્વારા જ જથ્થો ખરીદ કરવામાં આવશે. નોંધણી કરાવતી વખતે તમામ દસ્તાવેજ સુવાચ્ય રીતે અપલોડ થાય તથા માગ્યા મુજબના જ અપલોડ થાય તેની નોંધણી સ્થળ/કાઉન્ટર છોડતા પહેલા ખેડૂતોએ ખાસ કાળજી લેવાની રહેશે. દસ્તાવેજ/ડૉક્યુમેન્ટ્સની ચકાસણી દરમિયાન જો ખોટા ડૉક્યુમેન્ટ અપલોડ કરાયા હોવાનું ધ્યાને આવશે તો જે તે ખેડૂતનો ક્રમ રદ થશે અને ખરીદી માટે જાણ કરવામાં આવશે નહી. નોંધણી બાબતે વધુ માહિતી માટે હેલ્પલાઈન નંબર ૮૫૧૧૧ ૭૧૭૧૮ તથા ૮૫૧૧૧ ૭૧૭૧૯ ઉપર સંપર્ક કરવાનો રહેશે. રાજ્યના ખેડૂતો પાસેથી વિવિધ ખરીફ પાકોની લઘુતમ ટેકાના ભાવે ખરીદી કરાશે. જેમાં રાજ્યના નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ દ્વારા ખેડૂતોને તેઓના પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ખરીફ માર્કેટીંગ સીઝન ૨૦૨૫-૨૬માં લઘુતમ ટેકાના ભાવે ડાંગર, બાજરી, જુવાર, રાગી અને મકાઈની સીધી ખરીદી કરવામાં આવશે. જેમાં સ્થાનિક ગ્રામ્ય કક્ષાએ ફઝઈ મારફતે તેમજ તાલુકા કક્ષાએ નિગમના ગોડાઉન ખાતે આવતીકાલ ૧થી ૩૧ ઑકટોબર ૨૦૨૫ સુધી ખેડૂત ખાતેદારના બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન દ્વારા જ નોંધણી કરવામાં આવશે. રાજ્યના ખેડૂતો પાસેથી વિવિધ ખરીફ પાકોની લઘુતમ ટેકાના ભાવે ખરીદી કરાશે.

### આરોપીની ધરપકડ કરીને કોર્ટમાં રજૂ કરાતા ૫ ઓક્ટોબર સુધીના રિમાન્ડ મંજૂર કરાયા

## નડિયાદમાં ધર્મતારણ રેકેટ મામલે આંતરરાષ્ટ્રીય ફંડિંગના નેટવર્કની આશંકાએ પોલીસની તપાસ

I પ્રતિનિધિ, નડિયાદ, તા.૧ I

નડિયાદમાં 'રેસ્ટોરેશન એન્ડ રિવાઈવલ ટ્રસ્ટ' નામની સંસ્થાના નેજા હેઠળ ચાલતા ગેરકાયદેસર ધર્માંતરણના એક મોટા નેટવર્કનો પર્દાફાશ થયો હતો. હિન્દૂ ધર્મ સેનાના અધ્યક્ષની ફરિયાદના આધારે નડિયાદ પશ્ચિમ પોલીસે આરોપી સ્ટિવન મેકવાન વિરુદ્ધ ગુજરાત ધર્મ સ્વાતંર્ત્ય અધિનિયમ હેઠળ ગુનો નોંધીને ધરપકડ કરી છે. આરોપીની ૨૮/૦૯/૨૦૨૫ના રોજ ધરપકડ કરવામાં આવી છે અને આરોપીને કોર્ટમાં રજૂ કરતા ૦૫/૧૦/૨૦૨૫ સુધીના પોલીસ રિમાન્ડ પર સોંપવામાં આવ્યો છે અને જે દરમિયાન સ્ફોટક વિગતો સામે આવવાની સંભાવના છે. આ સમગ્ર મામલે પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, આરોપી સ્ટિવન મેકવાનની ફરિયાદી અને અન્ય લોકોને ઈસુના માર્ગે ચાલવા અને ધર્મ પરિવર્તન કરવા માટે લાલચ અને પ્રલોભન આપતો હતો. ગુનાની તપાસમાં પોલીસે વિવિધ દસ્તાવેજી પુરાવાઓ, સાક્ષીઓના નિવેદનો




મેળવ્યા છે અને સંસ્થા/ટ્રસ્ટના પ્રમુખ તરીકે સ્ટિવન મેકવાન દ્વારા સંચાલિત રેસ્ટોરેશન એન્ડ રિવાઈવલ ફાઉન્ડેશન ટ્રસ્ટની સંડોવણી જણાઈ છે. તપાસમાં બાબતની પણ ચકાસણી કરવામાં આવી રહી છે કે આરોપી દ્વારા ધર્માંતરણ કરાયેલા લોકો અનુસૂચિત જાતિ/ જનજાતિના છે કે કેમ અને ધર્મ પરિવર્તન કરાવવા માટે કાયદાકીય પ્રક્રિયાનું પાલન થયું છે કે નહીં. આ કેસમાં આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સ્તરે નાણાં પૂરા પાડવામાં આવતા હોવાની વિગતો સામે આવી છે.આરોપી સ્ટિવન મેકવાનના બેન્ક એકાઉન્ટના ટ્રાન્ઝેક્શનની વિગતો પણ પોલીસે મેળવી છે. જેમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૧.૩૪ કરોડ રૂપિયાના મોટા વ્યવહારો મળી આવ્યા છે. આ નાણાકીય બાબતો અને વિદેશી સંસ્થાઓ સાથેના કનેક્શન અંગે વધુ તપાસ ચાલુ છે. આરોપીએ આ પ્રવૃત્તિ ગુજરાતના દાહોદ, તાપી, ભરૂચ, આણંદ, અને આદિવાસી વિસ્તારોમાંથી યુવા-યુવતીઓને નડિયાદ લાવી ધર્મ પરિવર્તન કરાવ્યું હોવાનું બહાર આવ્યું છે. આરોપીએ પુરાવાનો નાશ કરવાની દિશામાં પણ તપાસ હાથ ધરી છે. પોલીસે આરોપીની અટકાયત કરી અને તેને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડની માંગણી કરી હતી.

### વહેલી સવારે એક અત્યંત કરૂણ દુર્ઘટના બની

## ગીર સોમનાથના સિડોકરમાં કરૂણ ઘટના, માતાજીના પૂંજ પ્રસંગમાં વીજ કરંટ લાગતા 3 યુવાનોના મોત

I પ્રતિનિધિ, ગીર સોમનાથ, તા.૧ I

ગીર સોમનાથના સિડોકર ગામમાં આજે (પહેલી ઓક્ટોબર) વહેલી સવારે એક અત્યંત કરૂણ દુર્ઘટના બની છે, જ્યા માતાજીના પૂંજ પ્રસંગ દરમિયાન વીજ કરંટ લાગતા ત્રણ યુવાનોના કરૂણ મોત નિપજ્યાં છે. આ ઘટનાને લઈને સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.પ્રાથમિક માહિતી અનુસાર, સિડોકર ગામમાં વહેલી સવારે રબારી સમાજ દ્વારા માતાજીનો પૂંજનો ધાર્મિક પ્રસંગ ચાલી રહ્યો હતો. આ દરમિયાન વરસાદ વરસી રહ્યો હતો. ત્યારે ત્રણ લોકો ભંડારા પાસે ઊભા હતા અને વરસાદથી બચવા ઈલેક્ટ્રિક પેનલ બોર્ડ નજીક ગયા. તેમાં અચાનક શોર્ટ સર્કિટ થતા ત્રણેયને વીજ કરંટ લાગ્યો હતો. કરંટ લાગતા જ ત્રણેય યુવાનો ઘટનાસ્થળે જ ઢળી પડ્યા હતા.

આ દુર્ઘટનાએ ધાર્મિક પ્રસંગને ગમગીનીમાં ફેરવી નાખ્યો હતો. માહિતી અનુસાર લગભગ વહેલી સવારે હળવો વરસાદ ચાલુ હતો અને તે સમયે જ ત્રણ ભક્તો ચા ના ભંડારા નજીક ઊભા હતા. જોકે વરસાદથી બચવાનો પ્રયાસ કરતી વખતે તેઓ ઈલેક્ટ્રિક પેનલના સંપર્કમાં આવી જતાં કાળને ભેટી ગયા હતા. એક જ ધાર્મિક પ્રસંગમાં ત્રણ યુવાનોના મોત થતાં સમગ્ર સિડોકર ગામ અને રબારી સમાજમાં ઊંડો શોક છવાઈ ગયો છે. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો સિડોકર ગામ પહોંચ્યો હતો. પોલીસે ત્રણેય મૃતદેહોનો કબજો મેળવીને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યા છે.

ગીર સોમનાથના સિડોકર ગામમાં આજે (પહેલી ઓક્ટોબર) વહેલી સવારે એક અત્યંત કરૂણ દુર્ઘટના બની છે, જ્યા માતાજીના પૂંજ પ્રસંગ દરમિયાન વીજ કરંટ લાગતા ત્રણ યુવાનોના કરૂણ મોત નિપજ્યાં છે.

આ ઘટનાને લઈને સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.પ્રાથમિક માહિતી અનુસાર, સિડોકર ગામમાં વહેલી સવારે રબારી સમાજ દ્વારા માતાજીનો પૂંજનો ધાર્મિક પ્રસંગ ચાલી રહ્યો હતો. આ દરમિયાન વરસાદ વરસી રહ્યો હતો. ત્યારે ત્રણ લોકો ભંડારા પાસે ઊભા હતા.

### આઠમના હવનના દર્શન માઇ ભક્તોએ કર્યા,રોપ-વેની સુવિધા બપોર સુધી બંધ હતી

## પાવાગઢ ડુંગર ઉપર માં કાલિકાના દર્શને અડધો લાખ માઇભક્તો આવ્યાં આસો નવરાત્રિના આઠમના નોરતે

I પ્રતિનિધિ, હાલોલ, તા.૧ I

હાલોલ તાલુકાના શક્તિપીઠ પાવાગઢ ખાતે આસો નવરાત્રીના આઠમા નોરતે મા કાલિકાના દર્શન અને આઠમના હવનના દર્શન માટે અડધો લાખ માઈભક્તો ઊમટી પડયા હતા.આસો નવરાત્રીની આઠમના દિવસે વાદળછાયુ વાતાવરણ અને રોપ-વેની સુવિધા બંધ હોવા છતાં પાવાગઢ ખાતે આઠમા નોરતે અડધો લાખ ઉપરાંત માઈભક્તો મા કાલિકાના દર્શન માટે ઊમટી પડયા હતા.ભક્તોએ માતાજીના દર્શન સાથે સાથે આઠમના હવનના દર્શન કર્યા હતા. આસો નવરાત્રીના પ્રથમ છ નોરતા બાદ વરસાદી વાતાવરણ થતા તેમજ છેલ્લા ૩ દિવસથી રોપ-વે સદંતર બંધ રહેતા ડુંગર ખાતે ભક્તોની પાંખી હાજરી જોવા મળી હતી.ગત સોમવારના રોજથી શરૂ થયેલી નવરાત્રી પર્વમાં આઠમા નોરતાને લઈ સોમવાર રાતથી નવરાત્રીની આઠમના દર્શન કરવા ભક્તો પાવાગઢને જોડતા તમામ માર્ગો ઉપર જતાં જોવા મળ્યા હતા.જેને લઇ મુખ્ય માર્ગો ઉપર જય



માતાજીના ભારે જયઘોષ સંભળાતા હતા.મધ્યરાત્રીથી મંદિર પરિષદ તેમજ મંદિરના પગથિયા પર માતાજીના ભક્તો મંદિર ના નિજ દ્વાર ખુલે તેની પ્રતીક્ષામાં કલાકો સુધી પ્રતીક્ષા કરતા જોવા મળ્યા હતા.મંદિર ટ્રસ્ટ દ્વારા નિજ મંદિરના દ્વાર વહેલી સવારે પાંચ કલાકે માતાજીના દર્શન માટે ખુલ્લા મૂકતા ભક્તો દ્વારા જય માતાજીના ભારે જયઘોષ થતા મંદિર પરિષદ ગુંજી ઉઠયું હતું. સવારે પાંચ વાગે મંદિરમાં માતાજીની મંગળા આરતીનો ભક્તોએ લાભ લીધો હતો.વર્ષ દરમિયાન પાવાગઢ ખાતે ચૈત્રી અને આસો નવરાત્રીમાં નિજ મંદિર પરિસર ખાતે આઠમનો હવન યોજાય છે.આજે આસો નવરાત્રીનો આઠમનો હવન કરાયો હતો.માઈભક્તોએ નીજ મંદિરના શિખર પર ધ્વજારોહણનો લ્હાવો લીધો હતો. તેમજ પાદુકા પૂજન, શ્રી યંત્ર પૂજન તેમજ અન્નકૂટ ધરવાનો લાહવો મળે તેનું આયોજન કર્યુ છે.રજત તુલા પણ ભક્તો માટે શરૂ કરવામાં આવી છે.આજે આઠમના હવનનું આયોજન કર્યુ હતું. જે હવનમાં પૂજા અર્ચના અને આહુતિ આપવા માટે માતાજીના ભક્તોને પણ યજમાન તરીકે બેસવાનો લાભ મળે તેવી આશા માઈ ભક્તો મંદિર ટ્રસ્ટના જે ટ્રસ્ટી મંડળ પાસે રાખી રહ્યા છે. આઠમના રોજ આઠમના રોજ મોડી સાંજે ૪.૩૦ કલાક બાદ રોપ વે સેવા શરૂ થતા હવન ના દર્શન માટે ઉપર ગયેલા યાત્રાળુઓ અને મહાનુભાવોને ડુંગર પરથી નીચે આવવા માટે સુગમતા રહી છે.ચાલુ વર્ષે મંદિર પરિસર નજીક યજ્ઞા શાળાનું નિર્માણ કાર્ય પૂર્ણતાના આરે છે.આજે આઠમના રોજ યજ્ઞાશાળાનું વાસ્તુ પૂજન પણ કરવામાં આવ્યુ હતુ.દિવાળી બાદ યજ્ઞા શાળામાં ભક્તો પૂજા અર્ચના કરી શકશે.તેમ મંદિર ટ્રસ્ટે જણાવ્યુ હતુ.

### શેલા ગામે ગરબામાંથી પાછા ફરતાં યુવક-યુવતી ઉપર લુખ્ખાઓએ હુમલો કર્યાની ઘટના બની

## અમદાવાદમાં ગરબામાંથી પાછા ફરતા યુવક-યુવતી ઉપર લુખ્ખાઓનો હુમલો, કારમાં તોડફોડ

I પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧ I

નવરાત્રીની ધૂમ મચી છે ત્યારે ચોથા નોરતે શેલા ગામે ગરબામાંથી પાછા ફરતાં યુવક-યુવતી ઉપર લુખ્ખાઓએ હુમલો કર્યાની ઘટના બની છે. ઘાટલોડિયાના સત્તાધાર ચાર રસ્તા પાસે અકસ્માત થયો ન હોવા છતાં લુખ્ખાગીરી આચરી યુવતીનો ફોટો પાડી લઈને કારને અંકુર ચાર રસ્તા લઈ જઈ કારના કાચ તોડી નાખ્યા હતા. યુવક મદદ માટે નારણપુરામાં જ રહેતા મામાના ઘરે ભાગ્યો ત્યાં પણ આઠ-દસ લુખ્ખાના ટોળાંએ પીછો કર્યો હતો. સૂર્યકુટિર ફ્લેટમાં રહેતા મામાના ઘરમાં તેમજ સોસાયટીના સીસીટીવીમાં પણ તોડફોડ કરવામાં આવી હતી. ચોથા નોરતે બનેલી ઘટનામાં સારવાર બાદ યુવકે પાંચ દિવસ પછી યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં લુખ્ખાગીરી આચરનાર આઠ-દશ શખ્સોના ટોળાં સામે ફરિયાદ નોંધાવી છે.નારણપુરા એ.ઈ.સી. નજીક મૂર્ધન્ય એપાર્ટમેન્ટમાં રહેતા કથન અજયભાઈ ભાવસાર (ઉ.વ. ૨૨) તેની ફિયાન્સી નંદીતા અને પિતરાઈ વેદાંત સાથે ગત તા. ૨૫ના રોજ શેલા ગામે કાર લઈને ગરબામાં ગયા હતા. રાત્રે અઢી વાગ્યાના અરસામાં પરત ફરતી વેળાએ સતાધાર ચાર રસ્તા પાસે ટ્રાફિકમાં કારને બ્રેક મારતાં એક એક્ટિવા ચાલકને અડકી ગયાનું કથનને જણાયું હતું. કારની નીચે ઉતરીન તપાસ કરતાં એક્ટિવાને કાર અડકી નહીં હોવા છતાં ટુ વ્હીલરચાલકે ગાળો આપવાનું શરૂ કર્યું હતું. લોકોએ બન્નેને છૂટા પાડ્યા હતા. આ સમયે એક્ટિવા ચાલકે કથનની ફિયાન્સીનો ફોટો મોબાઈલ ફોનમા પાડી લઈને કહ્યું હતું કે, તુ અમારી પાછળ કાર આવવા દે. કથન તેના એક્ટિવાની પાછળ કાર ચલાવતા અંકુર ચાર રસ્તા ઉપર પહોંચ્યો હતો. કાર રસ્તાની સાઈડમાં ઉભી રખાવી હતી ત્યાં ચારથી પાંચ માણસો આવી ગયા હતા. આ શખ્સોએ કારનો આગળના અને ખાલી સાઈડના કાચ તોડી નાંખ્યા હતા. ફિયાન્સીનો વીડિયો, ફોટો લીધા હોવાથી ચિંતિત અને દબાણમાં રહેલા કથને તેના મામા મિલાપભાઈને ફોન કરીને લઈ જવા માટે બોલાવ્યા હતા.

## અંગ્રેજીના વિદ્યાર્થી વધતા ગુજરાતી માધ્યમની અમદાવાદની ૨૯ ગ્રાન્ટેડ સ્કૂલોમાં ધો. ૯ થી ૧૨ના ૩૫ વર્ગો બંધ

I પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧ I

ચાલુ શૈક્ષણિક વર્ષમાં વર્ગો બંધ કરવા-ઘટાડો કરવા માટે અમદાવાદ શહેર ડીઈઓ હેઠળની ધો.૯થી૧૨ની ૨૯ ગ્રાન્ટેડ સ્કૂલોએ દરખાસ્ત મોકલી હતી.જેમાં બે તબક્કામાં ડીઈઓ દ્વારા રૂબરૂ સુનાવણી બાદ વિદ્યાર્થી સંખ્યા નિયમ મુજબ ન હોવા સહિતના કારણોસર આ સ્કૂલોના ૩૫ વર્ગો બંધ કરવા માટેની કાર્યવાહી કરવાની મંજૂરી અપાઈ છેગુજરાત શિક્ષણ બોર્ડના નિયમો મુજબ વિદ્યાર્થી સરાસરી સંખ્યા ન જળવાતી હોય કે વિદ્યાર્થીઓ ન મળતા હોવાથી ધો.૯થી૧૨ની ગ્રાન્ટેડ સ્કૂલો વર્ગ ઘટાડા માટે અરજીઓ કરતી હોય છે.સ્કૂલો પાસેથી ૩૧ ઓગસ્ટ સુધીમાં દરખાસ્ત મંગાવાય છે ત્યારબાદ ડીઈઓ દ્વારા રૂબરૂ સુનાવણી હાથ ધરાય છે. અગાઉ ૧૬ સ્કૂલો બાદ વધુ ૧૩ સ્કૂલો મળી કુલ ૨૯ સ્કૂલોએ વર્ગ ઘટાડા માટે દરખાસ્ત કરી હતી. દરખાસ્ત બાદ ડીઈઓની સુનાવણીને કુલ ૩૫ વર્ગો ઘટાડાવા કે બંધ કરવા માટે આદેશો કરાયા છે અને સ્કૂલોને મંજૂરી અપાઈ છે.

ધો.૯થી૧૨ની આ ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં ધો.૯ના ૧૩, ધો.૧૦ના ૭, ધો.૧૧ના ૧૦ અને ધો.૧૨ના પાંચ સહિત કુલ મળીને ૩૫ વર્ગો બંધ કરવામા આવ્યા છે. આ સ્કૂલોમાં મોટા ભાગની ગુજરાતી માધ્યમની સ્કૂલો છે અને કેટલીક હિન્દી માધ્યમની સ્કૂલો છે.


CAR WORLD
AUTO GARAGE
Karan Panchal
+91 9427796859
Mahesh Gajnotar
+91 9824699827
Shop No. 1, Radhe Hills,
Nr. Rameshwar Transport,
Mahemadabad Road,
Hathijan, Gujarat-382 445.


## જેતપુર નજીક નવરાત્રિમાં ખોડિયાર મંદિરમાં ચોરી: ચોરો સીસીટીવીમાં કેદ I પોલીસ તપાસ શરૂ

I પ્રતિનિધિ, જેતપુર, તા.૧ I

જેતપુર તાલુકાના ઉમરાળી ગામમાં આવેલા સુપ્રસિદ્ધ ગાળાવાળી ખોડિયાર મંદિરમાં ચોરીનો બનાવ બન્યો છે. નવરાત્રિના પાવન પર્વ દરમિયાન જ બનેલી આ ઘટનાથી શ્રદ્ધાળુઓમાં રોષ જોવા મળી રહ્યો છે. ચોરોએ મંદિરની બે દાનપેટીઓની ચોરી કરી હતી, જોકે તેઓ મંદિરના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયા હતા.પ્રાપ્ત માહિતી અનુસાર, ઉમરાળી અને ત્રાકુડા ગામ વચ્ચે આવેલા ગાળાવાળી ખોડિયાર મંદિરને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. મોડી રાત્રે અજાણ્યા ચોર ઈસમો મંદિરના મુખ્ય દરવાજાના તાળા તોડી અંદર પ્રવેશ્યા હતા. મંદિરની અંદર રાખવામાં આવેલી બે મોટી દાનપેટીઓ ચોરીને તેઓ ફરાર થઈ ગયા હતા.આ ઘટનાની જાણ સવારે મંદિરના પૂજારીને થતા તેમણે તાત્કાલિક વીરપુર પોલીસને જાણ કરી હતી. ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે તપાસ હાથ ધરી હતી. મંદિરના સંચાલકોએ પોલીસને જણાવ્યું કે ચોરી થયેલી દાનપેટીઓમાં શ્રદ્ધાળુઓ દ્વારા ભક્તો દ્વારા મોટી રકમનું દાન આપવામાં આવ્યું હતું. ચોરીની ઘટના મંદિરમાં લગાવેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે. સીસીટીવી ફૂટેજમાં બે ચોર ઈસમો સ્પષ્ટપણે જોઈ શકાય છે. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે વધુ તપાસ હાથ ધરી છે અને ચોરોને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.ઉલ્લેખનીય છે કે, નવરાત્રિના પવિત્ર પર્વમાં માતાજીના મંદિરમાં ચોરી થતા શ્રદ્ધાળુઓમાં આક્રોશ વ્યાપી ગયો છે.


લોક પત્રિકા હવે અહીં પણ

ભારતની નં.૧ ન્યૂઝ એપ

dailyhunt



પળેપળના સમાચારની અપડેટ જોવા માટે આજે જ ડેઈલી હન્ટમાં લોક પત્રિકાને ફોલો કરો



**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya